RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 197* Date: 15.05.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### દિલ્હીની આગમાં ૨૭ લોકોનાં મોત

## મુખ્યમંત્રી કેજરીવાલે ઘટનાસ્થળની મુલાકાત લીધી, મૃતકના પરિવારને ૧૦ લાખ તથા ઈજાગ્રસ્તોને ૫૦ હજારની સહાય

નવીદિલ્હી,તા.૧૪

દિલ્હીમાં લાગેલી આગ મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી સિસોદિયા ઘટનાસ્થળની મુલાકાત લેવા પહોંચ્યા હતા. કેજરીવાલે જણાવ્યું હતું કે દિલ્હી સરકાર તરફથી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આગમાં મૃત્યુ પામેલા લોકોનાં પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાય તેમજ ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજારની સહાય આપવાની જાહેરાત કરી હતી. એ યાદ રહે કે દિલ્હીમાં શુક્રવારે મુંડકા મેટ્રો સ્ટેશન પાસે ત્રણ માળના કોમર્શિયલ બિલ્ડિંગમાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ૨૭ લોકોનાં મોત થયાં છે. મૃતકોમાં ફાયર સ્ટાફના બે કર્મચારીનો પણ સમાવેશ થાય છે. ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, ૧૯ લોકો હજુ લાપતા છે. પોલીસે બિલ્ડિંગના માલિક હરીશ ગોયલ અને વરુણ ગોયલની અટકાયત કરી લીધી છે. આગ લાગવાની જાણ શુક્રવાર સાંજે ૪.૪૦ વાગ્યે મળી હતી. સાત કલાકની મહેનત બાદ આગ પર કાબૂ મેળવાયો હતો. જોકે રાતના ૧૨ વાગ્યે ફરી આગ લાગી હતી, જેને ત્યાં હાજર ફાયર સ્ટાફે કાબૂ કરી લીધી હતી. રેસ્ક્યૂ ટીમે બિલ્ડિંગના કાચ તોડીને લોકોને બચાવ્યા હતા. રાત્રે એનડીઆરએફની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

જે બિલ્ડિંગમાં આગ લાગી ત્યાં ઘણી કંપનીની ઓફિસો હતી. અહીં લગભગ ૧૫૦ લોકોને રેસ્ક્યૂ કરાયા હતા. ૧૦૦ લોકોની ટીમને તહેનાત કરાઈ હતી. દિલ્હી પોલીસે ઘટનાસ્થળની સંજય ગાંધી મેમોરિયલ હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર બનાવ્યો હતો, જેનાથી ઘાયલોને ઝડપથી હોસ્પિટલ પહોંચાડી શકાય. સીએમ ઓફિસે હેલ્પનાઈન નંબર ૦૧૧-૨૫૧૯૫૫૨૯, ૦૧૧-૨૫૧૦૦૦૯૩ બહાર પાડ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઘટનાને લઈ શોક વ્યકત કર્યો છે અને આર્થિક સહાયની જાહેરાત કરી છે

દિલ્હીના ડીસીપી સમીર શર્માએ કહ્યું, 'બિલ્ડિંગમાં બચાવકાર્ય હજુ પૂર્ણ થયું નથી. કદાચ અહીં કેટલાક વધુ મૃતદેહો મળી શકે છે. અત્યારસુધી જે મૃતદેહો મળ્યા છે એ એવી હાલતમાં હતા કે તેમની ઓળખ કરવી પણ મુશ્કેલ છે, જેથી પોલીસ ફોરેન્સિક ટીમની મદદ લેશે. ગુમ થયેલા લોકો સાથે તેમનાં સેમ્પલની તપાસ કરાશે, જેથી મૃતકોની ઓળખ થઈ શકે. ગુમ થયેલા લોકોની યાદી તૈયાર કરવામાં આવશે.

દિલ્હી પોલીસે જણાવ્યું કે મેટ્રો સ્ટેશનના પિલર ૫૪૪ પાસે બનેલી આ ઈમારત ૩ માળની કોમર્શિયલ બિલ્ડિંગ છે, જેને ઓફિસ સ્પેસ તરીકે કંપનીઓને ભાડે આપવામાં આવી છે. આ બિલ્ડિંગની ફાયર એનઓસી ન હતી. પોલીસે બિલ્ડિંગના માલિક હરીશ ગોયલ, વરુણ ગોયલને કસ્ટડીમાં લીધા છે.બિલ્ડિંગનો મુખ્ય દરવાજો જમણી બાજુની શેરીમાંથી પસાર થાય છે. મુખ્ય દ્વારનો પ્રવેશ એટલો સાંકડો છે કે એક સમયે માત્ર એક જ વ્યક્તિ પ્રવેશ કરી શકે છે અથવા બહાર નીકળી શકે છે. અમે બિલ્ડિંગમાં પ્રવેશતા હતા ત્યારે ચારેબાજુ કાચ વિખરાયેલા હતા. મુખ્ય દરવાજામાં પ્રવેશ્યા પછી જ જમણી બાજુએ ઉપરના માળે જતી સામે એક લિફ્ટ અને સીડીઓ હતી. સીડીની પહોળાઈ માત્ર ૩ ફૂટ જેટલી છે. આખી ઈમારતમાં અમે દરવાજાની આસપાસ અને છત પર ફાયર સેફ્ટીનાં સાધનો શોધવાનો પ્રયાસ કર્યો, પરંતુ ન તો આગ બુઝાવવાનું સાધન મળ્યું કે ન તો કોઈ હાઈડ્રેન્ડ મળ્યું. કટોકટીની સ્થિતિમાં આગને કાબૂમાં લેવા માટે



છત પર કોઈ લાલ રંગની પાઈપો ન હતી, જેથી આગ પર કાબૂ મેળવી શકાય. બિલ્ડિંગમાં ઉપરના માળે ગયા તેમ એ વધુ ગરમ થઈ રહ્યું હતું. ફાયર ટેન્ડરોએ ઈમારત પર જે વોટર કેનન્સથી પાણી છાંટ્યું હતું એ પાણી સર્વત્ર ગરમ થઈ ગયું હતું અને ટપકતું હતું. ઈમારતમાં માત્ર મુખ્ય માળખાના થાંભલા જ દેખાતા હતા અને બાકીની તમામ વસ્તુઓ, ટેબલ, ખુરશીઓ, કાગળો, બધું જ રાખ થઈ ગયું હતું. રાખમાંથી હજુ પણ ધુમાડો નીકળી રહ્યો હતો.બિલ્ડિંગના પહેલા માળે CCTV ફેક્ટરી અને વેરહાઉસ છે. અહીં શોર્ટસર્કિટને કારણે લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખું બિલ્ડિંગ આગની લપેટમાં આવી ગયું હતું. ફેક્ટરીમાં મોટી સંખ્યામાં કામદારો કામ કરતા હતા, એમાં મોટી સંખ્યામાં મહિલાઓ હતી. બિલ્ડિંગમાં એક જ પ્રવેશ અને બહાર નીકળવાને કારણે બચાવકાર્ય જસદીથી શરૂ થઈ શક્યું નહીં. ખૂબ જ ભીડભાડવાળી જગ્યાને કારણે બચાવ કામગીરીમાં ઘણી મુશ્કેલી પડી હતી.

## હિન્દીના વિવાદ વચ્ચે સંજય રાઉતેની અમિત શાહને અપીલ, 'એક દેશ, એક ભાષા' બનાવો

મુંબઈ,તા.૧૪

તમિલનાડુના ઉચ્ચ શિક્ષણ મંત્રી ડૉ.કે. પોનમુડીના નિવેદન પર શિવસેનાના રાજયસભા સાંસદ શિવસેના સાંસદનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને 'એક દેશ, એક ભાષા' માટે અપીલ કરી છે. સંજય રાઉતે કહ્યું, હું હિન્દી ભાષાનું સન્માન કરું છું અને સંસદમાં પણ બોલું છું. આખો દેશ સમજે છે. હું ગૃહમંત્રી અમિત શાહને વિનંતી કરું છું કે 'એક દેશ, એક વિધાન, એક ભાષા'. દરેક વ્યક્તિએ ભાષાનું સન્માન કરવું જોઈએ. શિવસેનાના નેતા સંજય રાઉત હિન્દી ભાષા પર ચાલી રહેલી ચર્ચા અને તમિલનાડુના શિક્ષણ મંત્રીના નિવેદન પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. જણાવી દઈએ કે તમિલનાડુના ઉચ્ચ શિક્ષણ મંત્રી ડૉ. પોનમુડીએ હિન્દીને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. પોનમુડીએ કહ્યું કે, અંગ્રેજી ભાષા તરીકે હિન્દી કરતાં વધુ મહત્વ ધરાવે છે. એટલું જ નહીં, જે લોકો હિન્દી બોલે છે, તેઓ નાની-મોટી નોકરી કરે છે. તેણે તો એમ પણ કહ્યું કે, કોઈમ્બતુરમાં હિન્દી ભાષીઓ પાણીપુરી વેચે છે. પોનમુડીએ આ વિવાદાસ્પદ નિવેદન કોઈમ્બતુરની ભરથિયાર યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં આપ્યું હતું. તેમણે કહ્યું, હિન્દી માત્ર એક વૈકલ્પિક ભાષા હોવી જોઈએ અને ફરજિયાત નહીં. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ લાગુ કરવાનું વચન આપ્યું હતું, પરંતુ રાજ્ય સરકાર તેની દ્વિભાષી સૂત્રની નીતિને ચાલુ રાખશે. તેમણે તમિલનાડુના ગવર્નર આરએન રવિની હાજરીમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે જ્યારે રાજ્યમાં અંગ્રેજી જેવી આંતરરાષ્ટ્રીય ભાષા શીખવવામાં આવી રહી છે ત્યારે હિન્દી શા માટે શીખવી જોઈએ. તમિલ ભાષી વિદ્યાર્થીઓ કોઈપણ ભાષા શીખવા ઈચ્છે છે પરંતુ હિન્દી વૈકલ્પિક હોવી જોઈએ અને તેમના માટે ફરજિયાત નથી. આ પહેલીવાર નથી જ્યારે પોનમુડીએ જાહેરમાં હિન્દીનું અપમાન કર્યું હોય. આ પહેલા પણ તેણે કહ્યું હતું કે ભારતમાં માત્ર એક જ ભાષા બોલવાને સ્વીકારી શકાય નહીં. તેમનું નિવેદન ત્યારે આવ્યું જ્યારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે અંગ્રેજીના વિકલ્પ તરીકે હિન્દી બોલવાને લઈને બિન-હિન્દી ભાષી રાજ્યોમાં વિવાદ થયો હતો. ત્યારે પણ તેણે અન્ય લોકો સાથે વાત કરવા માટે અંગ્રેજી અને પોતાના રાજ્યના લોકો સાથે વાત કરવા માટે સ્થાનિક ભાષા જાણવાની વાત કરી હતી.

## કાશ્મીરી પંડિત હત્યા: વડાપ્રધાન ફક્ત જમ્મુ કેમ જાય છે? તેમણે શ્રીનગર જવું જોઈએ: ભાજપ સાંસદ





નવીદિલ્હી,તા.૧૪

ભારતીય જનતા પાર્ટીના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ જમ્મુ-કાશ્મીરમાં થયેલી કાશ્મીરી પંડિત રાહુલ ભટના મર્ડરને લઈને કેન્દ્ર સરકારને આડે હાથ લીધી છે. કાશ્મીરી પંડિતોની હાલત પર એક આખી ફિલ્મ બની છે જેને લોકોએ ખૂબ જ પસંદ પણ કરી છે. 'ધ કાશ્મીર ફાઈલ્સ' હજી તો થિયેટર્સમાંથી ઊતરી નથી કે એક કાશ્મીરી પંડિતને મારી નાખવામાં આવ્યો છે.

સુબ્રમણ્યમ સ્વામીએ એ પણ સવાલ કર્યો હતો કે પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી ફક્ત જમ્મુની જ મુલાકાત કેમ લે છે તેમણે તુરંત શ્રીનગર જવું જોઈએ. રાહુલ ભટના અંતિમ સંસ્કાર આજે જમ્મુમાં કરવામાં આવ્યા હતા. ત્યાં ઘણાં લોકો ભેગા થયા હતા.

નરેન્દ્ર મોદીને સવાલ કરતાં સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વીટ કર્યું હતું કે 'મુસ્લીમ આતંકવાદીઓ દ્વારા રાહુલ ભટની જે હત્યા કરવામાં આવી છે એને નજર અંદાજ કરી શકાય એમ નથી. મોદી સરકાર હાલમાં એને હલકામાં લઈ રહી છે. સરકાર જયારે આ મુદ્દા પર કોઈ જવાબ નથી આપી રહી છે અને ડરીને ચૂબ બેસી છે ત્યારે હિન્દુત્વની વાત કરવાનો શો ફાયદો. મોદી ફક્ત જમ્મુ જ કેમ જાય છે તેણે તરત જ શ્રીનગર જવું જોઈએ.'

બડગામના રાજસ્વ વિભાગમાં રાહુલ ભટ કલર્કની નોકરી કરતો હતો અને તેની ઉંમર ૩૫ વર્ષની હતી. ગુરુવારે બે આતંકીઓએ ગોળી મારીને તેની હત્યા કરી હતી. નજરે જોનારનું કહેવું છે કે કાશ્મીરી પંડિત રાહુલને છાતી પર ત્રણ ગોળી વાગી હતી.

આ વિશે રાહુલના પિતાએ કહ્યું હતું કે 'રાહુલ ભટ કોણ છે એ પૂછ્યા બાદ આતંકીઓએ તેની ઓફિસમાં જઈને ગોળી મારી હતી. આંતકવાદીઓએ પૂછ્યું કે કોણ છે રાહુલ ભટ તો તેણે કહ્યું હતું કે હું છું રાહુલ ભટ શું કામ છે અહીં આવી જાઓ. ત્યાર બાદ આંતકીઓએ બંદુક કાઢીને તેને ગોળી મારી દીધી હતી.'

### એરફોર્સના ત્રણ અધિકારીઓને આજીવન કેદ

## ૨૭ વર્ષ જૂના રસોઈયાની કસ્ટોડિયલ ડેથ કેસમાં સીબીઆઇ કોર્ટે ચુકાદો સંભળાવ્યો

નવીદિલ્હી,તા.૧૪

ફેબ્રુઆરી ૨૦૨૨ માં, સીબીઆઇ દ્વારા કેસ નોંધવામાં આવ્યો હતો, પત્નીએ આરોપ લગાવ્યો હતો કે તેના પતિનું મૃત્યુ ત્રાસને કારણે થયું છે. ૨૭ વર્ષ પહેલા એક સાથીદારની હત્યામાં ભારતીય વાયુસેનાના ત્રણ અધિકારીઓને દોષી જાહેર કર્યા બાદ કોર્ટે તેમને આજીવન કેદની સજા ફટકારી છે. જામનગરમાં ડિફેન્સ વિંગમાં રસોઈયાની ૨૭ વર્ષ પહેલા હત્યા કરવામાં આવી હતી. ભારતીય વાયુસેનાના ત્રણ ભૂતપૂર્વ કર્મચારીઓએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. કોર્ટે ત્રણેયને આજીવન કેદની સજા ફટકારી છે.



અમદાવાદની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે ગિરિજા રાવત હત્યા કેસમાં અનૂપ સૂદ (તે સમયે ભારતીય વાયુસેનામાં સ્કવોડ્રન લીડર), અનિલ કેએન અને મહેન્દ્ર સિંહ શેરાવત (બંને તે સમયના સાર્જન્ટ, ભારતીય વાયુસેના)ને દોષિત ઠેરવ્યા હતા. ગિરિજા રાવત તે સમયે જામનગરની એરફોર્સ-૧માં રસોઈયા તરીકે કામ કરતા હતા.

ગીરીજા રાવત એરફોર્સ-૧, જામનગરમાં લગભગ ૧૫ વર્ષથી રસોઈયા હતા અને એરફોર્સ-૧, જામનગરના મેસમાં કામ કરતા હતા. એવો આરોપ હતો કે ૧૩ નવેમ્બર ૧૯૯૫ના રોજ તત્કાલિન સ્ક્વોડ્રન લીડર અનૂપ સૂદ સહિત એરફોર્સના કેટલાક અધિકારીઓએ ગિરજા રાવતના નિવાસસ્થાનની તલાશી લીધી હતી અને એરફોર્સની કેન્ટીનમાંથી દારૂની ચોરીની કબૂલાત કરવા માટે તેમને બળજબરીથી પોતાની સાથે લઈ ગયા હતા.

આ પછી, ગિરિજા રાવતની પત્ની ગાર્ડ રૂમમાં પહોંચી અને અધિકારીઓને તેના પતિને મુક્ત કરવા વિનંતી કરી. તે સમયે ગિરિજા રાવતની પત્નીને કહેવામાં આવ્યું હતું કે તેના પતિને જલ્દી મુક્ત કરવામાં આવશે, પરંતુ તેને છોડવામાં આવ્યો ન હતો. ગિરિજાની પત્નીએ આરોપ લગાવ્યો હતો કે તેના પતિ પર એટલો ત્રાસ ગુજારવામાં આવ્યો હતો કે તેનું મોત થયું છે. બીજા દિવસે ૧૪ નવેમ્બરે તેને તેના પતિના મૃત્યુની માહિતી મળી.

બીજી તરફ ગુજરાત પોલીસ પાસેથી તપાસ સંભાળ્યા બાદ સીબીઆઈએ સઘન તપાસ બાદ ૩૦ જુલાઈ ૨૦૧૩ના રોજ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. કોર્ટે ત્રણ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા જયારે અન્ય ત્રણ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. તે જ સમયે, ટ્રાયલ દરમિયાન એક આરોપીનું મૃત્યુ થયું હતું.

## દેશમાં કોરોના વાયરસના કેસ ફરી વધ્યા, ૨૪ કલાકમાં ૨,૮૫૮ નવા કેસ

નવીદિલ્હી,તા.૧૪

ભારતમાં ફરી એકવાર કોરોના વાયરસના નવા કેસોમાં થોડો વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨૮૫૮ નવા કેસ નોંધાયા છે. આ પહેલા શુક્રવારે ૨૮૪૧ નવા કેસ નોંધાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ લોકોના મોત થયા છે. દેશમાં કોરોનાના ૧૮,૦૯૬ કેસ છે. અત્યાર સુધીમાં ૪,૨૫,૭૬,૮૧૫ દર્દીઓ સાજા થયા છે.

-રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોવિડ-૧૯ વિરોધી રસીના ૧,૯૧, ૧૫, ૯૦, ૩૭ થી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. નોંધપાત્ર વાત એ છે કે, ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા ૨૦ મિલિયનને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ ના ??રોજ, તે ૩૦ મિલિયનને વટાવી ગઈ હતી. આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ કેસ ચાર કરોડને વટાવી ગયો હતો.

## ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૩૧ શ્રદ્ધાળુઓના મોત

દહેરાદુન,તા.૧૪

ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૩૧ શ્રદ્ધાળુઓના મોત થયા છે. આમાંથી એક બદ્રીનાથના સ્થાનિક રહેવાસીઓનો પણ સમાવેશ થાય છે. રાજયના ડીજી હેલ્થ ડૉ. શૈલજા ભટ્ટે સાથે વાત કરતાં જણાવ્યું કે આ તમામ મૃત્યુનું કારણ હાઈ બ્લડ પ્રેશર, હાર્ટ એટેક અને પર્વતીય બીમારી છે. ઉત્તરાખંડમાં આ વખતે ચારધામ યાત્રા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. પરંતુ આ યાત્રા શરૂ થયાને માત્ર ૧૨ દિવસ જ થયા છે, આવી સ્થિતિમાં આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના જીવ જવાથી વહીવટીતંત્ર પર મોટા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ચારધામ યાત્રા દરમિયાન આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના જીવ જવાથી આરોગ્ય વિભાગમાં પણ ખળભળાટ મચી ગયો છે. જે બાદ મુસાફરોના સ્વાસ્થ્ય અને સલામતીને ધ્યાનમાં રાખીને વિભાગ દ્વારા ઘણી માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી છે, આ માર્ગદર્શિકા અનુસાર, ભક્તોએ ચાર ધામની યાત્રા પહેલા તેમના સ્વાસ્થ્યની તપાસ કરાવવી જરૂરી છે, તેની સાથે જો કોઈ રોગ હોય તો, પછી ડૉક્ટરનું કન્સલ્ટેશન ફોર્મ અને તેમનો સંપર્ક નંબર તમારી સાથે રાખો. આ સિવાય હૃદયરોગના દર્દીઓ, સુગર અને હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓને ઊંચાઈ પર જતી વખતે ખાસ કાળજી રાખવાની સલાહ આપવામાં આવી છે.

આરોગ્ય સંબંધિત માહિતી માટે, આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૪ હેલ્પલાઇન જારી કરવામાં આવી છે. આ ઉપરાંત ચાર ધામની યાત્રા દરમિયાન કોઈ મુશ્કેલી પડે તો એમ્બ્યુલન્સ માટે ૧૦૮ હેલ્પલાઈન નંબર પર પણ સંપર્ક કરી શકાય છે. કોરોનાના બે વર્ષ બાદ ચાર ધામ યાત્રા શરૂ થઈ છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. જેના કારણે ભારે અરાજકતા પણ ફેલાઈ ગઈ છે.

## ભારતમાં યુદ્ધ કરતાં રોડ અકસ્માતમાં વધુ લોકો જીવ ગુમાવે છે: વી. કે. સિંહ

,નવીદિલ્હી,તા.૧૪

ઔદ્યોગિક સંસ્થાન એસોચેમથ દ્વારા યોજવામાં આવેલા એક કાર્યક્રમને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે રોડ સુરક્ષા સૌથી મહત્ત્વનો મુદ્દો છે અને સરકારે તેના પર ધ્યાન આપવાની જરૂર છે. દર વરસે દેશમાં ૧.૩૫ લાખ કરતા પણ વધુ લોકો રોડ અકસ્માતમાં જીવ ગુમાવે છે અને આ સંખ્યા યુદ્ધમાં માર્યા જતા લોકો કરતા અનેકગણી વધારે છે, એમ કેન્દ્રના રાજ્ય કક્ષાના રોડ પરિવહન અને હાઈ વે ખાતાના પ્રધાને કહ્યું હતું.

આપણે રોડ સેફ્ટી વીક મનાવતા હતા તેને અપગ્રેડ કરીને રોડ સેફ્ટી મન્થ કરવામાં આવ્યો છે, પરંતુ આ દૈનિક ધોરણે ધ્યાન આપવા જેવી બાબત છે, એમ તેમણે કહ્યું હતું. આ બાબત અઠવાડિયા કે મહિના પૂરતી સીમિત નથી. ઘણુંબધું દાવ પર લાગેલું હોવાને કારણે તેને વીક કે મન્થ પૂરતું મર્યાદિત ન કરી શકાય, એમ તેમણે કહ્યું હતું. રોડ અકસ્માત ઘટાડી શકાય તે માટે વાહન ઉત્પાદકોએ આગળ આવવું જોઈએ. રોડ અકસ્માત અને તેને કારણે થતાં મૃત્યુના પ્રમાણને ઘટાડવા વાહન ઉત્પાદકોએ સંશોધન કરવું જોઈએ અને વાહનમાં સુરક્ષાની યંત્રણા વધારવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# ભ્રષ્ટ નોકરશાહી

*છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ ઘટનાઓ બિલકુલ અલગ-અલગ બની, પરંતુ એ ત્રણેય આપણને સકારાત્મક દિશામાં લઈ જાય છે. તેમાં સૌથી તાજી ઘટના ઝારખંડની છે, જ્યાં વરિષ્ઠ આઇએએસ અધિકારી પૂજા સિંઘલની ઇડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. થોડા દિવસ પહેલાં જ્યારે તેનાં સગાં પર ઇડીના છાપા પડ્યા હતા, તો નોટોની એટલાં બંડલો મળ્યાં હતાં કે તેની તસવીરો જોઇને દેશ દંગ થઈ ગયો હતો. સિંઘલ ઝારખંડની ખાણ સચિવ છે અને છાપાના સમાચારોથી લોકો સમજી શક્યા કે આ રાજ્યની અથાગ ખનિજ સંપદા કોને સમૃદ્ધ કરી રહી છે. ઝારખંડની આ ઘટના સાથે એક સમાચાર ઉત્તર પ્રદેશથી આવ્યા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યના પોલીસ મહાનિર્દેશકની બદલી કરી નાખી. તેમના વિરુદ્ધ આરોપ હતા - વિભાગીય કાર્યોમાં રસ ન લેવો. કદાચ પહેલી વાર થયું છે કે કોઈ આટલા મોટા અધિકારીનું અકર્મણ્યતાના આરોપમાં બદલી કરી દેવાઈ હોય. ત્રીજા સમાચાર ભારતીય રેલવેથી આવ્યા. રેલવે બોર્ડે એક જ દિવસે પ્રથમ શ્રેણીના ૧૯ મોટા અધિકારીઓને જબરદસ્તી રિટાયર કરી દીધા. આ એ અધિકારી છે, જેમને કામકાજની સમીક્ષામાં અક્ષમ જોવા મળ્યા હતા. આ અધિકારીઓને પહેલાં જ ચેતવણી આપી દેવામાં આવી હતી, છતાં તેઓ સુધર્યા નહીં એટલે તેમને સ્વૈચ્છિક નિવૃત્તિ આપી દેવાઈ.*

*સરકારો દ્વારા લેવાયેલા આવા નિર્ણયો આપણને ચકિત કરી શકે છે, પરંતુ ખાનગી ક્ષેત્રે તો નિયમિત રીતે આવું થાય છે. કંપની ક્ષેત્રમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓના કામકાજની સમીક્ષાની એક સચોટ વ્યવસ્થા હોય છે, સતત અસફળ રહેનારને હાંકી કાઢવામાં આવે છે અને ભ્રષ્ટાચારને સહેજ પણ સહન નથી કરવામાં આવતો. એટલે જ ખાનગી ક્ષેત્રની કાર્યકુશળતા સરકારી ક્ષેત્ર કરતાં હંમેશાં ચડિયાતી જ હોય છે. સરકારો પણ આવી જ કાર્યસંસ્કૃતિ અપનાવી લે તે સ્વાગતયોગ્ય છે. નોકરશાહીને હંમેશથી ભારતીય તંત્રના સૌથી અડિયલ હિસ્સા તરીકે જોવામાં આવે છે. દુનિયાભરમાં ધારણા પણ છે કે ભારતમાં બદલાવમાં સૌથી મોટી અડચણ તેની નોકરશાહી છે, જે કોઈપણ સારી નીતિને ફાઇલોમાં ગૂંચવી દેવાની ક્ષમતા ધરાવે છે. તેની પાસે અધિકાર તો બહુ છે, પરંતુ દીર્ઘકાલીન જવાબદારી કશી નહીં. તેમાં બદલાવ માટે દેશમાં બે વખત પ્રશાસનિક સુધાર આયોગ પણ બન્યા, પરંતુ તેમની મોટાભાગની ભલામણોને એ ફાઇલોને હવાલે કરી દેવામાં આવી જે આજે પણ ધૂળ ફાકે છે. ટેક્નોલોજીના જમાનામાં પણ નોકરશાહી પર પૂરી રીતે લગામ નથી લાગી શકી. એક વાત નક્કી છે કે દેશના મહાશક્તિ બનવાના સપના અને નોકરશાહીની જૂની રીતભાત, બંને ચીજો એક સાથે ન ચાલી શકે. આ સપનાને હકીકત બનાવવા માટે નોકરશાહીમાં આમૂલ બદલાવ કરવો પડશે. તેથી હાલનો જે બદલાવ દેખાઈ રહ્યો છે, તે મોટી આશા બંધાવે છે. જોકે ફક્ત બે-ત્રણ ઉદાહરણોથી કામ નહીં ચાલે. જરૂરી છે કે નોકરશાહીના તમામ સ્તરો પર એક એવી સ્થાયી વ્યવસ્થા બને, જે તેને એક નવી કાર્યસંસ્કૃતિમાં તબદીલ કરી દે.*

### મોદી બુદ્ધ જયંતિના પવિત્ર અવસર પર નેપાળ જશે

# ભારત નેપાળ બંને દેશો વચ્ચેના સદીઓ જૂના સંબંધોને મજબૂત બનાવવાનું કામ કરશે

નવીદિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુદ્ધ જયંતિના પવિત્ર અવસર પર નેપાળની મુલાકાતે છે. ૧૬ મેના રોજ પાંચ કલાકથી ઓછા સમયની તેમની મુલાકાત બંને દેશો વચ્ચેના સદીઓ જૂના સંબંધોને મજબૂત બનાવવાનું કામ કરશે, તેમજ ભાવિ ભાગીદારી માટે રોડમેપ સેટ કરશે. વડાપ્રધાન મોદી ૧૬ મેના રોજ સવારે દિલ્હીથી લુમ્બિની જવા રવાના થશે, પરંતુ રસ્તામાં તેમનું વિમાન ઉત્તર પ્રદેશના કુશીનગરમાં રોકાશે. આ તે સ્થાન છે જ્યાં ભગવાન બુદ્ધે પોતાનું શરીર છોડ્યું હતું. કુશીનગરથી જ પીએમ મોદી બુદ્ધના જન્મસ્થળ લુમ્બિની જશે.લુમ્બિની પહોંચીને પીએમ મોદી પોતાના પ્રવાસની શરૂઆત માયા દેવી મંદિરના દર્શનથી કરશે. આ મંદિર એ સ્થાન છે જ્યાં ગૌતમ બુદ્ધનો જન્મ સિદ્ધાર્થ તરીકે થયો હતો.નવેમ્બર ૨૦૧૪ માં નેપાળની તેમની છેલ્લી મુલાકાત દરમિયાન, વડા પ્રધાને આ મંદિરને બોધ ગયામાં બોધિ વૃક્ષનું એક છોડ અર્પણ કર્યું હતું. આ સાથે એવી જાહેરાત પણ કરવામાં આવી હતી કે તે ટૂંક સમયમાં લુમ્બિની જશે. જો કે પીએમ મોદીનો આ સંકલ્પ આઠ વર્ષ પછી પૂરો થવા જઈ રહ્યો છે.

માયા દેવી મંદિરમાં દર્શન કર્યા બાદ પીએમ મોદી લુમ્બિનીના મઠ વિસ્તારમાં બૌદ્ધ સાંસ્કૃતિક અને સંપત્તિ કેન્દ્રના શિલાન્યાસ કાર્યક્રમમાં પણ હાજરી આપશે. પોતાના આઠ વર્ષના કાર્યકાળમાં પાંચમી વખત નેપાળની મુલાકાતે જઈ રહેલા પીએમ મોદી માત્ર દોઢ મહિનાના ગાળામાં નેપાળના વડાપ્રધાનને પણ મળશે. નેપાળના વડા પ્રધાન શેર બહાદુર ૧ થી ૩ એપ્રિલ દરમિયાન ભારતની મુલાકાતે આવ્યા હતા અને આ સમયગાળા દરમિયાન વારાણસીની પણ મુલાકાત લીધી હતી. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આટલા ઓછા સમયમાં ભારત તરફથી પણ પ્રવાસ કરવામાં આવી રહ્યો છે. જે દર્શાવે છે કે બંને દેશો વચ્ચેના સંબંધો ઝડપથી આગળ વધી રહ્યા છે.માત્ર થોડા કલાકોની નેપાળની મુલાકાતમાં, પીએમ મોદી નેપાળના વડા પ્રધાન શેર બહાદુર દેઉબા સાથે એપ્રિલમાં થયેલી તેમની દ્વિપક્ષીય વાટાઘાટોની શ્રેણીને આગળ ધપાવશે. વાટાઘાટોના એજન્ડામાં



હાઈડ્રોપાવર ડેવલપમેન્ટ, ભાગીદારી અને કનેક્ટિવિટી જેવા મુદ્દાઓ સામેલ હશે.

વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાના જણાવ્યા અનુસાર પીએમની આ મુલાકાત સંબંધોમાં સકારાત્મકતાની ગતિ વધારશે. આ સાથે, તે પડોશી માટે પ્રાથમિકતા વધારવાના પ્રયાસોના પુરાવા પણ આપશે. બંને દેશો વચ્ચે ભાગીદારીનો વ્યાપ ઘણો વિશાળ છે. વિકાસ સહકારનો મામલો હોય કે કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સની સમીક્ષાની વાત હોય કે પછી લોકો-થી-લોકોના નવા સંપર્કો બનાવવાની હોય અને હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ સહિતના તમામ વિષયો પર ચર્ચા શક્ય છે. નેપાળના પીએમ દેઉબાની ગયા મહિને ભારતની મુલાકાત દરમિયાન નેપાળથી ૩૬૦ મેગાવોટ વીજળી આયાત કરવાની મંજૂરી આપવામાં આવી હતી. નેપાળથી ભારતમાં નિકાસની વાત હોય કે ભારતથી નેપાળમાં ઊર્જાની નિકાસની વાત હોય કે નેપાળથી ત્રીજા દેશમાં વીજળીના સંચારની વાત હોય, આ તમામ બાબતોમાં સતત સંવાદ ચાલી રહ્યો છે. જો બંને પીએમ મળે તો પણ દેખીતી રીતે આ મુદ્દા પર પણ ચર્ચા થશે.ભારત-નેપાળ સંબંધોની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ બંને દેશો વચ્ચેનો સહિયારો સાંસ્કૃતિક વારસો અને નાગરિક સંપર્કો છે જે સદીઓ જૂના છે. વિદેશ સચિવે એ વાત પર ભાર મૂક્યો હતો કે વડાપ્રધાન ૨૦૧૪માં તેમની મુલાકાતથી આ બાબતે વિશેષ ધ્યાન આપી રહ્યા છે.

# કાશ્મીરમાં પંડિતની હત્યાના વિરોધમાં ૩૫૦ કર્મીઓના સામૂહિક રાજીનામાં

જમ્મુ,તા.૧૪

જમ્મુ-કાશ્મીરમાં કાશ્મીરી પંડિત રાહુલ ભટનો આતંકીઓ દ્વારા હત્યા બાદ પ્રદેશમાં સ્થિતિ વણસી છે. કાશ્મીર પંડિતો એવા સરકારી કર્મચારીઓએ ખીણની બહાર સલામત સ્થળોએ તેમને ખસેડી દેવાની માગણી કરીને વિરોધ પ્રદર્શનો કર્યા હતા. બડગામ જિલ્લા કે જ્યાં પંડિતોને મેક-શિફ્ટ સવલત અપાઇ હતી તે આ વિરોધ પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર હતું.

તેમણે જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રની સામે સુત્રોચ્ચારો કર્યા હતા. સ્થિતિ એટલી તંગ બની કે પ્રદર્શનકારીઓને અટકાવવા માટે લાઠી ચાર્જ કરવો પડ્યો હતો અને ટીઅર ગેસના શેલ છોડવા પડ્યા હતા.

રાહુલ ભટની હત્યાના વિરોધમાં વડાપ્રધાનના રોજગાર સર્જન કાર્યક્રમ હેઠળ કાર્યરત ૩૫૦ કાશ્મીરી પંડિતોએ એલજીને સામૂહિક રાજીનામા મોકલી આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે રાહુલ ભટને ગુરુવારે બડગામ જિલ્લામાં એક સરકારી ઓફિસમાં લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓએ ગોળી મારી દીધી હતી. ત્યારથી ઘાટીમાં ભારે તણાવનું વાતાવરણ છે. લશ્કર સાથે જોડાયેલા સંગઠન કાશ્મીર ટાઈગર્સે આ હત્યાની જવાબદારી સ્વીકારી છે.

વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે ખાસ શરૂ કરાયેલ રોજગાર કાર્યક્રમ હેઠળ રાહુલ ભટને નોકરી મળી હતી. તે ચદૂરા ખાતે આવેલી તહસીલ ઓફિસમાં કામ કરતો હતો. ગોળી વાગ્યા બાદ, રાહુલ ભટને તાત્કાલિક શ્રીનગરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નીપજ્યું હતું.

કાશ્મીરી પંડિત રાહુલ ભટની હત્યા તપાસ માટે જમ્મુ-કાશ્મીર સરકારે એસઆઈટીની રચના કરી છે.

સાથે જ સરકાર દ્વારા રાહુલ ભટની પત્નીને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે. ઉપરાંત રાહુલ ભટની દીકરીનો ભણવાનો ખર્ચ સરકાર ઉપાડશે. અહીંયા નોંધવું રહ્યું કે રાહુલ ભટની હત્યાને લઈને તેમના પરિવારજનોએ હત્યાને ષડયંત્ર ગણાવીને તપાસની માંગ કરી હતી. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાની ઓફિસથી કરાયેલા ટ્વીટમાં રાહુલ ભટની હત્યાની તપાસ માટે એસઆઈટી રચવાની જાહેરાત કરાઇ છે.

# પરીવર્તન સંસારનો નિયમ છે.

ફક્ત પરીવર્તનના સમુહનું નામ જ સંસાર છે.પરીવર્તનનું જે નવું રૂપ સામે આવે છે તેને ઉત્પત્તિ કહે છે.થોડું વધારે પરીવર્તન થતાં તેને સ્થિતિરૂપે માની લે છે અને જ્યારે એ સ્થિતિનું રૂપ પણ પરિવર્તિત થઇ જાય છે ત્યારે તેને સમાપ્તિ (પ્રલય) કહે છે.વાસ્તવમાં તેની ઉત્પત્તિ,સ્થિતિ અને પ્રલય હોતાં જ નથી એટલા માટે તેમાં પ્રતિક્ષણ પરીવર્તન થવાના કારણે આ સંસાર એક ક્ષણ પણ સ્થિર નથી.દ્રશ્યમાત્ર પ્રતિક્ષણે અદર્શનમાં જઇ રહ્યું છે. સંસારમાંથી સુખ લેવાની ઈચ્છાનો ત્યાગ કરીને ફક્ત તેની સેવા કરવી. સુખની ઈચ્છા ન રાખવાવાળાના માટે આ સંસાર સાક્ષાત ભગવત્સ્વરૂપ છે પરંતુ સંસારમાંથી સુખની ઈચ્છા રાખવાવાળાઓને માટે આ સંસાર દુઃખોનું ઘર છે કારણ કે પોતે અવિનાશી છે અને આ સંસાર વૃક્ષ પ્રતિક્ષણે પરીવર્તનશીલ હોવાના કારણે નાશવાન,અનિત્ય અને ક્ષણભંગુર છે આથી પોતાની ક્યારેય એનાથી તૃપ્તિ થતી જ નથી પરંતુ એનાથી સુખની ઈચ્છા કરીને એ વારંવાર જન્મતો-મરતો રહે છે એટલા માટે સંસારની સાથે સહેજપણ સ્વાર્થનો સબંધ ન રાખીને ફક્ત તેની સેવા કરવાનો ભાવ જ રાખવો જોઈએ.

પાણી કેરા બુદ બુદા અસ
માનસકી જાત,
દેખત હી છીપ જાયેગા જ્યોં
તારા પ્રભાત..

જેમ સૂર્યોદય થતાં જ તારાઓ છુપાઇ જાય છે તથા પાણીનો પરપોટો ક્ષણભંગુર છે તેવી જ રીતે માનવશરીર પણ વિનાશશીલ છે.સંત મહાપુરૂષો કહે છે કે આ જગત પરીવર્તનશીલ છે,આ દુનિયા ચાલી રહી છે પરંતુ અહીંયાં કોઇ કાયમ માટે રહેતું નથી.ફક્ત એક પરમાત્મા જ સ્થિર અને ગતિદાતા છે.આજે સમગ્ર દુનિયામાં અશાંતિ ફેલાયેલ છે તેનું કારણ એ છે કે આજનો માનવ ભુલી ગયો છે કે તેને એક દિવસ અહીથી જવાનું છે.આજના માનવને સર્વની નહી પરંતુ પોતાની ઉન્નત્તિની જ ચિન્તા છે.આ જગતમાંથી આપણે બધાએ એક દિવસ જવાનું છે.વિચારો અને માર્ગ નિશ્ચિત કરો.

પરીવર્તન સંસારનો નિયમ છે.સૌને પરીવર્તન ગમે છે પરંતુ કોઇ પોતાને બદલવા તૈયાર નથી.જેવું પરિવર્તન આપણે સમાજમાં ઈચ્છીએ છીએ શરૂઆત આપણાથી કરવી પડશે. મનુષ્ય તેના વિચારો બદલીને ભવિષ્ય બદલી શકે છે. આપણને પરિવર્તન ગમે કે ન ગમે,પરિવર્તનનો અમે સ્વીકાર કરીએ કે અસ્વીકાર કરીએ તો પણ પરિવર્તન તો થાય છે. જેઓ પ્રકૃતિના પરીવર્તનની સાથે રહેતા નથી તે મૃતપાય થઇ જાય છે.મનુષ્યનો સ્વભાવ છે કે તે પરિવર્તનથી ડરે છે કારણકે સમાજના જડ-વલણ, રૂઢીચુસ્ત પરંપરાઓની દિવાલ બની ગઇ છે તેમાં જ આપણી જાતને સલામત માનીએ છીએ તેથી આ દિવાલની બહાર શું થાય છે તેની ચિંતા નથી તેથી મુક્તિનો સાચો અર્થ વિસરાઇ ગયો છે.



પરિવર્તનની પ્રક્રિયા સમજવા માટે આપણા જીવનનો વિચાર કરીએ તો તેમાં પણ અનેક પરિવર્તન જોવા મળે છે.આપણા બાળપણમાં ઘણા બધા મિત્રોને મળ્યા અને ૧૫-૨૦ વર્ષ બાદ ફરીથી તેઓને મળીએ ત્યારે આપણને એમ લાગે કે કેવું પરિવર્તન થઈ ગયું.ક્યાં હતાં અને કેવા બની ગયા..એક જ ઘરમાં આપણા દાદા-દાદીની વિચારધારા અને દિકરાના દિકરાની વિચારસરણીમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળે છે.વૃદ્ધોની,સંતાનોની અને પૌત્ર-પૌત્રોની વિચારધારા,જીવન જીવવાની રીત અલગ-અલગ હોવાથી ક્યારેક વૃદ્ધોને લાગે કે બાળકો કંઇ સમજતાં નથી.બાળકોને લાગે છે કે વૃદ્ધો કંઇ સમજતાં નથી.

સામાજિક પરિવર્તન એ સમાજમાં આવતું પરિવર્તન છે.સામાજિક દરજ્જા,ભૂમિકા નિયમો, સામાજિક સંસ્થાઓ વગેરેમાં જોવા મળતા વ્યાપક અને પ્રમાણમાં સ્થાયી ફેરફારોને સામાજિક પરિવર્તન કહેવામાં આવે છે.સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે અને તે દરેક સમાજમાં દરેક સમયે અપવાદ વગર જોવા મળે છે.જુદાં જુદાં સમાજમાં પરિવર્તનના કારણો જુદાં જુદાં હોઈ શકે છે અને એ મુજબ તે સમાજની ગતિ અને દિશા નક્કી થાય છે પણ પરિવર્તન વગરનો કોઈ સમાજ જોવા મળતો નથી.સમાજના લોકો પણ પરિવર્તન ઈચ્છતા હોય છે આથી કેટલાક કિસ્સાઓમાં આયોજિત પ્રયાસો દ્વારા પરિવર્તન લાવવામાં આવે છે. વડીલો કહે છે કે અમારો જમાનો સમય સારો હતો.સામાજિક પરિસ્થિતિ બદલાય તેમ સારા નરસા પાપ પુણ્ય નિતી-અનિતીની વ્યાખ્યાઓ પણ બદલાતી જોવા મળે છે.પ્રકૃતિને જુનું ગમતુ નથી એટલે દરરોજ નવીન પુષ્પો ખીલવે છે. સૂરજનું ઉગવું-આથમવું,રાત-દિવસનું ચક્ર,ક્યારેક સખત ગરમી તો સાંજે ભારે વરસાદ..આપણી પ્રકૃતિ એવી છે કે આપણે હમેશાં કહીયે છીએ કે "Old is a Gold" દુકાનદારો પણ બોર્ડ મારે છે "જુના અને જાણીતા'' મતલબ કે લોકોને જુનામાં રસ છે અહીં જુના અને જાણીતા લખવાનો અર્થ લોકોનો વિશ્વાસ જીતવાનું કામ કરે છે. લોકો માને છે કે જુના છે તો કંઈ ખોટા થોડા હશે આટલા વર્ષોનો ધંધો છે એમ ને એમ થોડો હશે.

પરિવર્તન વિના પ્રગતિ અશક્ય છે.એક ના એક સુખથી માણસ કંટાળી જાય છે.પરિવર્તન વિનાનું જીવન મૃત્યુ સમાન છે.પરિવર્તન એટલે જ જીવન અને જેમાં પરિવર્તન શક્ય નથી એ જ મૃત્યુ.જેઓ આવનાર પરીવર્તને ને પહેલેથી જ ઓળખી શકે છે અને તે પ્રમાણે તૈયારીઓ કરે છે તેમને ભાગ્ય અનેક તકો આપે છે.

જેઓને એવું લાગે છે કે જે ઘટના બનવાની છે તે પહેલેથી જ નક્કી હોય છે તો તેઓ રોડ ક્રોસ કરતા સમયે કેમ બંને બાજુ જોઇને રોડ ક્રોસ કરે છે? પરિવર્તન ત્યારે જ લાવી શકાય જ્યારે તેને અપનાવી લેવામાં આવે.તેથી જેનામાં પરીવર્તન કરી શકાય તેનામાં પરીવર્તન લાવવા પ્રયત્ન કરવો અને જેને અપનાવી શકાય તેને અપનાવવું જોઈએ અને જેને અપનાવી શકાય તેવું ના હોય તેનાથી દૂર થવું.સમય બળવાન છે,સમય સાથે બધું બદલાઈ જાય છે,પરંતુ હકીકત એ છે કે આપણે બદલાઈ જઈએ અથવા આપણે જ તેને બદલવું પડે છે. આપણને ગમે કે ન ગમે જીવનમાં પરીવર્તન થતું રહેવાનું.પરિવર્તન એ ચેતન અને જડ બંને ઉપર અસર કરે છે.મનુષ્યમાં પરિવર્તનને સ્વીકારવાની ક્ષમતા ઘટતી જાય તો તેનામાં જડતા આવી જાય છે.

આપણે ત્યાં દાતણથી શરૂ થતો દિવસ હવે ટૂથ-બ્રશ અને ટૂથ-પેસ્ટથી શરૂ થાય છે. નાસ્તા કે જમવા માટે ડાઈનિંગ ટેબલનો ઉપયોગ થાય છે.બૂફે ડિનર થાય છે.ઊભાં ઊભાં ખવાય? બૂટ,ચંપલ પહેરીને ખવાય? એવા પ્રશ્નો તો થતા જ પરંતુ આ પરિવર્તનને કોઈ અટકાવી શક્યું નહીં અને એનો સ્વીકાર થયો..નવી પેઢી આવે છે,જૂની પેઢી જાય છે.નવી અને જૂની પેઢી વચ્ચે મતભેદો થતા જ આવ્યા છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમાં ઘણો વધારો થઈ રહ્યો છે અને એનું એક કારણ ઝડપથી થતું પરિવર્તન છે.કુદરતમાં પરિવર્તનની ક્રિયા સતત ચાલુ જ રહે છે,તેને રોકવું મનુષ્યના હાથમાં નથી.આપણે જેવા છીએ તેવા સ્થિર રહી શકવાના નથી.કુદરતની સાથે રહીને મનગમતું પરિવર્તન કરી શકીએ અથવા તો કુદરતના પરિવર્તનનો સ્વીકાર કરી શકીએ એ જ રોજિંદા જીવનમાં મતભેદ અને તણાવ ઓછા કરવાનો એક જ રસ્તો છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# કોંગ્રેસ મધ્યપ્રદેશ વિધાનસભા ચુંટણી માટે અલગ અલગ જીલ્લાનું ધોષણાપત્ર જારી કરશે

,ભોપાલ,તા.૧૩

મધ્યપ્રદેશમાં આગામી વિધાનસભા ચુંટણી માટે વિપક્ષ કોંગ્રેસ અલગ અલગ વચનપત્ર(ધોષણાપત્રા) જારી કરશે.વચન પત્ર સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર સિંહે આ માહિતી આપતી હતી.તેમણે કહ્યું કે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથની અધ્યક્ષાતામાં વચન પત્રા સલાહકાર સમિતિની બેઠક થઇ હતી બેઠકમાં રાજય સ્તરની સાથે સાથે પ્રત્યેક જીલ્લા માટે અલગ અલગ ધોષણાપત્ર જારી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ધોષણાપત્ર સ્થાનિક મુદ્દા અને માંગોના આધાર પર તૈયાર થશે તેમણે કહ્યું કે બેઠકમાં કમલનાથે સમિતિના સભ્યોને વિવિધ જીલ્લાના લોકોની સમસ્યાઓનો અભ્યાસ કરવા અને સમાધાન શોધવાનો નિર્દેશ આપ્યો.તેમણે પ્રત્યેક જીલ્લાના લોકોની આકાંક્ષાઓ અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખતા અલગ અલગ વચન પત્ર તૈયાર કરવાનું પણ કહ્યું.સિંહ અનુસાર કમલનાથે સમિતિના સભ્યોનને કહ્યું કે મધ્યપ્રદેશ સરકારના વિવિધ ભાગોમાં કામકાજનો એક વિસ્તૃત રિપોર્ટ તૈયાર કરવામાં આવે અનો કોંગ્રેસની વિરૂધ્ધ સત્તારૂઢ ભાજપની તરફથી ચલાવવામાં આવી રહેલ ખોટી માહિતી અભિયાન પર નજર રાખવાનો પણ નિર્દેશ આપ્યો

સિંહે કહ્યું કે વચનપત્રમાં તમામ વર્ગ ખાસ કરીને પછાત દલિતો આદિવાસીઓ યુવાનો અને મહિલાઓ માટે આકર્ષિત વચન સામેલ થશે તેમણે કહ્યું કે બેઠકમાં સભ્યોને વચન પત્ર માટે મહત્વપૂર્ણ સુચન પણ આપ્યા વચન પત્ર સલાહકાર સમિતિની બેઠકમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પચૌરી,અરૂણ યાદવ વિપક્ષના નેતા ડો ગોવિંદ સિંહ અને કેટલાક પૂર્વ મંત્રીઓ સહિત સમિતિના વિવિધ સભ્યો સામેલ થયા હતાં.

# ભારતીય રેલ્વેએ ૭૨,૦૦૦ પદ ખતમ કરી દીધાઃ દોઢ લાખથી વધારે પદ પર ક્યારેય ભરતી નહીં થાય

નવીદિલ્હી,તા.૧૪

ભારતીય રેલ્વેએ છેલ્લા છ વર્ષોમાં ૭૨,૦૦૦ પદ ખતમ કરી દીધા છે. રેલ્વે બોર્ડે આ સમયગાળામાં જોનલ રેલ્વેના ૮૧,૦૦૦ પદ હજૂ પણ ખતમ કરવાનો પ્રસ્તાવ મોકલ્યો છે.એટલે કે, રેલ્વેમાં લગભગ દોઢ લાખથી વધારે પદ પર ક્યારેય ભરતી નહીં થાય. સરકારના જણાવ્યા અનુસાર, ખતમ કરવામાં આવેલા પદો બિનજરૂરી હતા અને આધુનિકીકરમના કારણે ગ્રુપ સી અને ડીવાળા પદની હવે કોઈ જરૂર નથી. હાલના સમયમાં આ પદ પર કામ કરી રહેલા લોકો રેલ્વેના અલગ અલગ વિભાગમાં સમાવેશ કરી લેવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પદ હટાવવા પડ્યા કારણ કે, આધુનિકીકરણ અને ડિજીટલ વ્યવસ્થાને કારણે આ પદની જરૂર રહેતી નથી. રેલ્વે બોર્ડના દસ્તાવેજ મુજબ નાણાકીય વર્ષે ૨૦૧૫-૧૬થી ૨૦૨૦-૨૧ની વચ્ચે રેલ્વેમાં તમામ ૧૬ ઝોનમાં ૫૬,૮૮૮ પદને સમાપ્ત કરવામા આવ્યા હતા. આ ઉપરાંત રેલ્વે બોર્ડે આ સમયગાળમાં ૧૫,૪૯૫ પદને ખતમ કરવાની મંજૂરી આપી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, રેલ્વે બોર્ડે સંબંધિત સમયગાળા દરમિયાન ૮૧,૩૦૩ પદ ખતમ કરવાનો પ્રસ્તાવ મોકલ્યો છે. જેના પર અંતિમ નિર્ણય આવવાનો બાકી છે. ઝોનલ રેલ્વે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે કર્મચારી-અધિકારીઓના કામ અધ્યયનની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. ત્યાર બાદ રેલ્વે બોર્ડની મંજૂરી મળતા બીજા પદ પણ સમાપ્ત કરી દેવામાં આવશે. એક અનુમાન મુજબ આ સંખ્યા નવથી દશ હજાર સુધી પણ હોઈ શકે છે.

રેલ્વે બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, પદને સમાપ્ત કરવાની પ્રક્રિયા અધિકારીઓ અને કર્મચારીઓના કાર્યને અધ્યયન પ્રદર્શનના આધારે કરવામા આવી રહ્યું છે. આઉટસોર્સિંગના કારણે રેલ્વેમાં સ્વીકૃત પદની સંખ્યા ઓછી થઈ રહી છે. રેલ્વેના કર્મચારીઓની વિશાળ સંખ્યા વેતન અને પેન્શનના કેસમાં એક મોટો બોઝ સાબિત થઈ રહી છે. રેલ્વેને તેની કમાણીનો એક તૃત્યાંશ ભાગ કર્મચારીઓના પગાર અને પેન્શન પર ખર્ચ કરવો પડે છે. હાલમાં તેને પ્રત્યેક એક રૂપિયામાંથી ૩૭ પૈસા કર્મચારીઓના વેતન અને ૨૬ પૈસા પેન્શન પર ખર્ચ કરવો પડે છે.

### દુનિયા માટે મોટો ખતરો!

# ચીન કરી રહ્યું છે સૌથી ઘાતક મિસાઇલનું પરીક્ષણ, સેટેલાઈટ તસવીરથી ખુલાસો

નવીદિલ્હી,તા.૧૪

વિશ્વના મહાસત્તાઓ વચ્ચે જાણે હથિયારો વચ્ચે હોડ જામી હોય તેમ એક પછી એક દેશ પરીક્ષણ કરી રહ્યો છે. ચીન એન્ટીશિપ બેલાસ્ટિક મિસાઈલ્સનું પરીક્ષણ કરી રહ્યું છે. સેટેલાઇટ તસવીરો પરથી આ વાતનો ખુલાસો થતા ખળભળાટ મચ્યો છે. ચીન તકલામાકન રણમાં શિનજિયાંગના ગ્રામીણ વિસ્તારમાં આ પરીક્ષણ કરી રહ્યું છે. તસવીરો અનુસાર, મોટી સંખ્યામાં ટાર્ગેટ રેન્જ જોવામાં આવ્યા જે રેગિસ્તાનના પૂર્વી કિનારા પર છે. આ સ્થળ પરથી મળેલા પુરાવા સૂચવે છે કે ચીન બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરી રહ્યું છે. યુએસ નેવલ ઈન્સ્ટિટ્યૂટ અનુસાર આ હાઈપરસોનિક એન્ટિ-શિપ બેલેસ્ટિક મિસાઈલો યુદ્ધ જહાજો માટે એક મહત્વપૂર્ણ ખતરો છે.

ચીને અગાઉ પણ ઘણી એન્ટી શિપ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. અત્યાર સુધીની માહિતી અનુસાર ચીને બે પ્રકારની મિસાઈલનું પરીક્ષણ કર્યું છે જેમા ડીએફ-૨૧ડી અને ડીએફ-૨૬ જમીન આધારિત છે. આ સિવાય એચ-૬ બોમ્બર છે, અને હવે એ વાતની પુષ્ટિ થઈ છે કે ટાઈપ-૦૫૫ રેનહાઈનું પણ પરીક્ષણ કરવામાં આવ્યું છે. એરક્રાફ્ટ કેરિયર લક્ષ્યો પરના સંશોધનમાં જાણવા મળ્યું છે કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી સંભવિત ભાવિ સંઘર્ષોનો સામનો કરવા માટે દૂરના વિસ્તારોમાં નવા લક્ષ્યો પર લશ્કરી અભ્યાસ કરી રહી છે. આવા ટાર્ગેટ વિશે એક સંશોધનમાં જાણવા મળ્યું છે. સ્વતંત્ર સંરક્ષણ વિશ્લેષક ડેમિયન સિમોન્સે શોધી કાઢ્યું કે અન્ય સમાન નૌકાદળના બેઝને દક્ષિણ-પશ્ચિમમાં લગભગ ૧૯૦ માઈલ લક્ષિત કરવામાં આવ્યું છે. આ જગ્યા ડિસેમ્બર ૨૦૧૮માં બનાવવામાં આવી હતી, પરંતુ અત્યાર સુધી નોટિસ થવાથી બચી ગઈ હતી, જે સેટેલાઇટ તસવીરો પરથી જાણી શકાય છે.

ડેમિયન સિમોન્સે કહ્યું કે લક્ષ્યોની રૂપરેખા ખૂબ જ સચોટ છે. ઓરિએન્ટેશન, શેપ્સ અને કદ ઘણા લક્ષ્યોને અનુરૂપ છે. આ સાઈટ્સ વિશે કંઈ અસ્તવ્યસ્ત નથી. વધુ માહિતી આપતાં તેમણે કહ્યું કે, એવું લાગે છે કે જમીન પર ધાતુની ચાદર પાથરી દેવામાં આવી છે. આ એક અલગ પ્રકારની સામગ્રી છે. તે ગરમી અથવા રડારને અલગ રીતે પ્રતિબિંબિત કરી શકે છે. તે આપણને જટિલ પ્રણાલીઓ અને આ પ્રયોગો પાછળના પ્રયત્નો માટે સંકેતો પણ આપી શકે છે.

# કોઇ પથ્થરસે ન મારો આયારામ-ગયારામકો!!!

રાજુ રદી બહુ જ સેન્સેટીવ છે. વારંવાર ગુસ્સે થઇ જાય છે. ગુસ્સો તેના નાકના ટોચકે બેઠો હોય છે. સિધ્ધાંતોના બળદના પૂંછડા આમળે રાખે છે.ટુકમાં રાજુ રદી સ્કેવર લેગ ઇન સર્કલ છે!! રોંગ મેન ઇન વર્કર્સ પેરેડાઇઝ છે.

'' આ દેશનું શું થવા બેઠું છે?'' રાજુનો આ તકિયા કલામ છે.

''રાજુ . શું થયું ? બધું બરાબર છે? આટલી ઠંડીમાં તું શા માટે ઉકળે છે?''એમ કહી મેં રાજુને ચાનો કપ ધર્યો.

''ગિરધરભાઇ.તમે જોયું કેટલાક લોકો આપણી ભવ્ય અને ભાતીગળ સંસ્કૃતિને નેસ્તનાબૂદ કરવા પર ઉતરી આવ્યા છે. આ એક મોટું આતતાયી આક્રમણ છે. આ બધું કેમ ચલાવી લેવાય?'' રાજુ વધુ ઉકળ્યો.જો કે,ચા પીધા પછી થોડી ગરમી વધે પણ ખરી!!

''રાજુ. વેલેન્ટાઇન ડે નજીક આવે અને સંસ્કૃતિના રક્ષકો ભૂરાયા થઇ ઉત્પાત મચાવે તેમ તું પણ મોરલ પોલિશિંગ પર ઉતરી આવ્યો કે શું?'' મેં રાજુને પૂછયું.

''ગિરધરભાઇ. હું વેલેન્ટાઇન ડે નો વિરોધી નથી. હું સો રેડ રોઝ લઇને બધાને પ્રપોઝ કરૂં છું પણ ક્યાંય મેળ પડતો નથી.'' આમ કહી રાજુએ ડુસ્કું ભર્યું . મેં તેનો ખંભો પંપાળી આશ્વાસન આપ્યું.

''રાજુ. લાખો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે. એવરી કલાઉડ હેઝ સિલ્વર લાઇન'' મેં રાજુને હિંમત બંધાવી.

''હમમમ'' મોટા માણસ જેમ રાજુએ ડોકું ધુણાવ્યું.

''રાજુ. દેશમાં માત્ર ને માત્ર નેતા લોગ અંતરાત્માના અવાજને અનુસરે છે. આજે અંતરાત્માના અવાજને અનુસરીને ક પક્ષમાં હોય. અંતરાત્મા ત્રીજી કલાકે ખ પક્ષમાં જોડાવાનો આદેશ આપે તો બિચારો નેતા શું કરે? પછી બાર કલાકે પાછો આદેશ આપે તો બિચારો નેતા મરે.આપણે ત્યાં પક્ષપલ્ટાની ઉજળી શાનદાર પરંપરા રહી છે.આપણને આ કલ્પસૂત્ર સમાન વિચારધારાએ આયારામ ગયારામ જેવા ક્રાંતિકારી શબ્દની ભેટ આપી છે.

જેમ કોરાના વાઇરસનું ઉત્પત્તિ કેન્દ્ર વુહાન હતું એમ આયારામ ગયારામનું ઉત્પતિ કેન્દ્ર ભારતનું રાજકારણ છે.ગુજરાતનો હજુરીયા -ખજુરીયા કાંડ પણ પક્ષપલ્ટાના વાઇરસનો એક ભાગ છે. આયારામ ગયારામ વાઇરસ રાજકારણમાં કોરોના છે તો હજુરીયા ખજુરીયા રાજકારણનો ઓમિક્રોન છે.ભજનલાલ , ચિમનલાલ, શંકરલાલ આ માળાનાં મોટા મણકા છે. -હરિયાણાના ગયારામે માત્ર નવ કલાકમાં બેવાર પક્ષ પલ્ટો કર્યો હતો હીરાનંદ આર્યએ નવ મહિનામાં પાંચ વાર પક્ષ પલટો કર્યો હતો .''મેં રાજુને પક્ષપલ્ટાની ગૌરવાન્વિત ઘટનાઓ પક્ષપલ્ટાના જ્યોતિર્ધર , પક્ષધરો અને શિલ્પી વિશે સ્તુત્ય વાત કરી. '' ગિરધરભાઇ.આપણા પક્ષપલ્ટુ હીરો આત્મસન્માન, આત્મગૌરવને ઠેસ પહોંચે કે વિસ્તારના સમર્થકો દેશ ખાતર બલિદાન આપવાની હાકલ કરે ત્યારે ને ત્યારે જ અંતરાત્માના અવાજને અનુસરીને પોતાના પક્ષની વંડી કૂદીને બીજા પક્ષમાં લાંબો કે ટુંકો કૂદકો લગાવે છે. તે સમયે તેના મનમાં રૂપિયા, ચૂંટણીની ટિકિટ, મંત્રીપદ, પેટ્રોલપંપ કે ગેસની એજન્સી, બોર્ડ-કોર્પોરેશનનું ચેરમેનપદ કે એવી સ્થુળ, તુચ્છ કે નગણ્ય લાલચ,કુંઠા, આસક્તિ વ્યાપેલી હોતી નથી. મીરાની માફક કહે છે મેરો તો પક્ષપલ્ટો ગિરિધર દૂસરો ન કોઇ. આના કારણે સામાવાળાનું માન જળવાઇ તેમ જ લક્ષ્મીનું અપમાન ન થાય તે માટે શરૂઆતમાં ચણામમરા જેવી રકમ

૨૦,૦૦૦ રૂપિયામાં મને કમને સ્વીકારતા હતા. ઓક્ટોબર-નવેમ્બર-૧૯૬૭ની વાત છે કે જ્યારે એમએલએના ભાવ જાહેરમાં બોલાતા હતા. ત્યારનો સમય હોર્સ ટ્રેડીંગની શરૂઆતનો હતો.કહે છે કે હરિયાણાના રાજકારણનો આ સૌથી ડાર્ક ફેઝ હતો. આજે એમએલએનો ભાવ આસમાને છે જેમાં ગરજ પ્રમાણે વધઘટ થયા કરે છે. તેમજ સત્તા મળે એટલે મલાઇદાર હોદ્દાની ઓફર કરાય છે. કરોડોની ઓફરથી પક્ષને વફાદાર કહેવાતા ભલભલા લલચાઇ જાય છે. લોકોમાં રાજકીય સત્તાનું વળગણ એટલું મોટા પાયે હોય છે કે તે પક્ષપલ્ટાનો મોટો કૂદકો લગાવી દે છે. ''રાજુએ કહ્યું.

''રાજુ. જગતના પ્રથમ પક્ષપલટું વિભીષણ હતા. કૌરવપુત્ર સુયોધને મહાભારતના યુધ્ધમાં પાંડવના પક્ષમાં પક્ષપલટો કરેલ હતો.કવિ પ્રીતમે કહ્યું છે કે પક્ષપલ્ટાનો મારગ છે શૂરાનો ,નહીં કાયરનું કામ જોને!!બાલ ગંગાધર તિલક મહારાજ કહ્યું હતું કે પક્ષપલટો મારો જન્મ સિધ્ધ હક છે.તે હુ કરીને જ જંપીશ. બાપુએ કહ્યું છે કે કાગડા કૂતરાના મોતે મરીશ પણ પક્ષપલ્ટો કર્યા સિવાય નહીં હટું. કવિ નર્મદે પણ કહ્યું છે કે પક્ષપલ્ટાનું ડગલું ભર્યું તે પીછે ના હટું તે ના હટું. ભગવદ ગીતામાં લખ્યું છે કે સ્વધર્મે નિધનમ શ્રેય : પર ધર્મે ભયાવહઃ આનો મતલબ એવો નથી કે સામેની પાર્ટીના માણસની પતરાળીમાં સતત સુગંધીદાર સ્વાદિષ્ટ વાનગી પીરસાતી હોય અને તમારી થાળીમાં પચ્ચીસ વરસથી પાણી પણ પીરસાતું ન હોય તો ભૂખ્યો માણસ પાટલી ન બદલે તો શું કરે?મેં રાજુને કહ્યું

'' ગિરધરભાઇ.દેશમાં કેટલાક લોકો અરાજકતા ફેલાવવાનું ષડયંત્ર કરી રહ્યા છે. એક પક્ષના લોકો ચૂંટણીમાં જેમને ટિકિટ ફાળવી છે તેને મંદિર, મસ્જિદ, ચર્ચ અગિયારી ,સિનેગોગમાં લઇ દઇ ચૂંટાઇ આવે તો પાંચ વરસ સુધી પક્ષને વફાદાર રહેશે તેવા સોંગદ લેવડાવી લઇ રહ્યા છે. તેનો વાંધો નથી. પણ બેબસ, લાચાર, અસહાય ઉમેદવારોને કોઇ પણ સંજોગોમાં પક્ષપલટો નહીં કરે તેવા સોગંદ લેવડાવી રહ્યા છે!! કેવો જુલમ કરી રહ્યા છે. કીડીને કોસનો ડામ દઇ રહ્યા છે!! આ અન્યાય કીડી પર કટક છે!!'' રાજુએ કહ્યું.


પક્ષપલ્ટો કરનાર મજનું છે,રોમિયો છે, મહિવાલ છે, ફરિયાદ છે. પારેવાં છે. પક્ષપલટાની ચણ ચણવા દો.

કોઇ પથ્થરસે ન મારો મેરે આયારામ-ગયારામકો!!

ભરત વૈષ્ણવ

-----------------------------------

કેવી રીતે ?
સાવસૂકકાપાંદડા છીએ,
શ્વાસ કેવી રીતે લઈએ?
આડા અવળા શબ્દ છીએ,
રાસ કેવી રીતે લઈએ?
મોઢે ચોકઠા બાંધેલ છે,
ઘાસ કેવી રીતે ચરીએ?
દૂધ પૂરૂં કયા જામ્યું છે,
છાશ કેવી રીતે કરીએ ?
મરણ અડધું પડધું થયું
લાશ કેવી રીતે બાંધીએ?
બોલો બધું વેર વિખેર છે
હાશ કેવી રીતે મેળવીએ?
ખેતર ખેડાયું જ કયા છે,
ચાસ કેવી રીતે મેળવીએ ?
ભક્તિ લગીરે પચતી નથી
દાસ કેવી રીતે થઈએ?
ભરત વૈષ્ણવ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



## NOG SS NO.0081

પ્રકાર : પદ્ય
વિષય : સ્નેહની સરવાણી
શીર્ષકઃ માનવ કંઈ શીખે..
એક પંખી વૃદ્ધ,ઉડવાને થયું અશક્ત ,
પડ્યું રહે વૃક્ષની એક ડાળીને ખૂણે ગુમસુમ.
દેખે ઝાંખું,બોલી ન શકે એ ઝાઝું,
ભૂખે? તરસે બેસી રહે વાળી ટૂંટિયું.
એક નાનકડું પક્ષીબાળ આવી ચઢ્યું ભૂલે,
સતત અવાજે જાણે મા તાતને શોધે.
ન આવી મા કે તાત નવ સાંભળે,
થાકી બેઠું બાળ અશક્ત વૃદ્ધની સમીપે.
એનાં સ્નેહે , સ્પર્શે બાળ પામ્યું શાતા,
ખાવાને ઊડ્યું ,આંબવા આભ પણ પંખ નાનાં.
વૃદ્ધ ફરી એકલું, વળી ભૂખ પ્યાસે જીવ કકળે,
ત્યાં તો પક્ષીબાળ આવ્યું,ભરી ધાન ચાંચ માંહે.
આવ જા કરી એણે વૃદ્ધની ભૂખ ટાળી,
સમી સાંજે હૂંફ ફરી ?વૃદ્ધની ગોદે માણી.
આવી સરવાણી શુદ્ધ સ્નેહની વહી રહી,
વૃદ્ધનાં સ્નેહની વ્યાજ સહ થઈ રહી ?જાણે? ભરપાઈ.
માનવ આમાંથી શીખે, વૃદ્ધત્વને માન આપે,
સ્નેહની સરવાણી વહેતી સદાય સૌ કાજ રાખે.
માયા દેસાઈ,મુંબઈ ભારત.

-----------------------------------------------

## NOG SS No : 0110

પ્રકાર :ગદ્ય-લઘુવાર્તા
વિષય : સ્નેહની સરવાણી
શબ્દો : ૩૫૦
શીર્ષક : 'વિશિષ્ટ સ્નેહ સંબંધ'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

મનીષભાઈ અને બીનાબેનનો એક સુખી સંપન્ન પરિવાર ગણાય. મનીષભાઈ અને બીનાબેન બંને સ્વભાવે ખૂબ જ સરળ, ઉદાર અને સંવેદનશીલ હતાં. તેમનો એક માત્ર દીકરો હાર્દિક નાનપણથી જ હસમુખો, રમતિયાળ અને લાગણીશીલ સ્વભાવનો હતો. હાર્દિક શાળાએ દરરોજ મનુભાઈની સ્કૂલવાનમાં જતો. સ્કૂલવાનમાં ડ્રાઈવર મનુભાઈની દીકરી દિશા પણ આવતી હતી. દિશા અને હાર્દિક એક જ વર્ગમાં ભણતાં હતાં. દિશા જોતાં જ વ્હાલ ઉપજે તેવી વાચાળ અને પ્રેમાળ હતી. હાર્દિક અને દિશાને એકબીજા સાથે ખૂબ બનતું. મનીષભાઈ અને બીનાબેન હાર્દિકની દિશા પ્રત્યેની લાગણી અને મિત્રતાથી વાકેફ હતાં. તેઓએ ક્યારેય હાર્દિકને આ બાબતે ટોક્યો નહોતો. જન્મદિવસની ઉજવણી જેવા કેટલાય પ્રસંગોએ દિશાને ઘરે બોલાવી દીકરીની જેમ આનંદથી સામેલ કરતાં.

દિશાના શાળા શિક્ષણ દરમ્યાન જ તેના પિતા મનુભાઈ પક્ષઘાતના ગંભીર હુમલાનો ભોગ બન્યા. તેમની જીંદગી સ્થગિત થઈ ગઈ. સારવાર પછી સંપૂર્ણ સ્વસ્થ ન થતાં પક્ષઘાતની કાયમી અસર અમુક અંગોમાં રહી ગઈ. મનુભાઈ અને તેમના પત્નીએ આર્થિક સમસ્યાઓથી ઘેરાઈ દિશાને શાળામાંથી ઉઠાડી લઈ પોતાના ગામે જવા નક્કી કર્યું. આ સમાચાર મળતાં હાર્દિક ઉદાસ થઈ ગયો. મનીષભાઈ અને બીનાબેન હાર્દિકની સાથે મનુભાઈ અને દિશાને મળવા તેમના ઘરે પહોંચ્યા. દિશાના માથે હાથ ફેરવીને મનીષભાઈ મનુભાઈને સંબોધીને બોલ્યાં,'તમારે ક્યાંય જવાનું નથી.આજ પછી દિશાની સઘળી જવાબદારી મારી. તમે સહુ આગળ ઉપર સ્વમાનથી જીવન જીવી શકશો તેની ખાતરી હું આપું છું.'

મનીષભાઈએ મનુભાઈને પોતાની ઓફિસમાં તેમને અનુકૂળ ઓફિસ સંચાલનનું કામ સોંપી નોકરીએ રાખ્યા. દિશાની માતાને સરકારી મદદથી પોતાનો ગૃહઉદ્યોગ શરૂ કરાવ્યો. તેમની આવક શરૂ થવાથી ફરી સ્વમાનભેર જીવન વ્યતિત કરવા લાગ્યા. સ્કોલરશીપ અને હાર્દિકના પ્રોત્સાહનથી દિશાએ ઉચ્ચ શિક્ષણ મેળવી એમ.બી.એ. કર્યું. હાર્દિકે વિદેશમાંથી એન્જીનીયરીંગમાં ઉચ્ચ શિક્ષણ મેળવી પરત આવી પિતાનો વ્યવસાય સંભાળ્યો. એક અદમ્ય જોડાણે હાર્દિક દિશાની તકલીફોમાં સતત તેની પડખે રહેતો. હાર્દિક અને દિશાનો સંબંધ લોહીના સંબંધથી પણ વિશિષ્ટ હતો. તેમની વચ્ચેની લાગણીઓ હંમેશા આ ભવની મિત્રતાના પવિત્ર સ્નેહસંબંધને વાચા આપતી રહી હતી.

આજે દિશાના લગ્ન લેવાયાં છે. હાર્દિક સ્નેહભરેલી અશ્રુભીની આંખે દિશાને વિદાય આપતાં ઈશારાથી કહી રહ્યો છે 'હું છું ને તારી સાથે'. દિશા દોડતી આવીને હાર્દિકને ભેટી પડી અને આંખોમાંથી જાણે આટલાં વર્ષો સાચવી રાખેલો અશ્રુબંધ તૂટી પડ્યો. અનરાધાર આંસુ વહેવા લાગ્યાં. દૂર ઉભાં મનુભાઈ અને તેમના પત્ની બંને હાથ જોડીને મનીષભાઈ અને બીનાબેનનો આભાર માની રહ્યા હતાં. જ્યારે તેઓ અશ્રુભીની આંખે ઈશ્વરના આ આશિર્વાદરૂપી અદ્વિતીય સ્નેહની સરવાણીને માણી રહ્યાં.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

-----------------------------------------------

## NOG SS No/022

વિષયઃ સ્નેહની સરવાણી
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ આશ્રિત

કરણે કાળઝાળ થયેલી માયામામી તરફ જોયું. તે ધ્રુજી રહ્યો હતો અને સામે એક રમકડાની કાર તૂટેલી પડી હતી.

માયાએ ત્રાડ પાડતાં કહ્યું, "તને કંઈ ભાન પડે છે, આ કાર કેટલી મોંઘી હતી. હજી પરમદિવસે રાહુલના જન્મદિવસે લઈ આવ્યા હતા. બે દિવસ પણ નથી થયા અને તે તોડી નાખી. તને તોડફોડ સિવાય કંઈ બીજું આવડે છે?"

કરણ કંઈ કહે તે પહેલાં તેના ગાલ ઉપર જોરદાર તમાચો પડ્યો અને તે પછી પીઠ ઉપર મામીના ધબ્બા. તે બેવડ વળી ગયો અને તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

કરણને હજી યાદ હતું કે એક વર્ષ પહેલાં તે મમ્મીપપ્પા સાથે જ રહેતો હતો અને તેને કોઈ વાતની કમી ન હતી. અચાનક એક એક્સિડન્ટમાં તેનાં મમ્મીપપ્પાનું મૃત્યુ થઈ ગયું અને સુરેશમામા તેને પોતાની સાથે લઈ આવ્યા. સુરેશમામાનો રાહુલ તેની ઉંમરનો જ હતો. કરણ ભણવામાં સાવ નબળો હતો અને રાહુલ એકદમ હોંશિયાર. કરણને મસ્તી કરવી અને રમવું બે જ વાતો પ્રિય હતી. તેની અસર રાહુલ ઉપર થઈ અને ધીમે ધીમે તે પણ મસ્તીખોર બની ગયો. આ વાત તેની માયામામીને સહન ન થઈ.

રાહુલના ટેસ્ટમાં માર્ક્સ ઓછા થવા લાગ્યા એટલે માયાને કરણ આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યો. તે માનવા લાગી કે રાહુલ કરણને લીધે બગડવા લાગ્યો છે. તે વાતવાતમાં કરણને મારવા લાગી. કરણને ખબર ન પડતી કે મામી કેમ મારે છે? રકાબી ફૂટી જવી કે બારીનો કાચ ફૂટવો એ ક્યાં મોટી વાત હતી! મમ્મીએ તો કોઈ દિવસ તેને માર્યો ન હતો. ફ્રીજમાંથી આઈસ્ક્રીમ તો બંનેએ ખાધો હતો તો માર તેને એકલાને કેમ પડ્યો હતો?

સાંજે સુરેશ પાછો ફર્યો અને હંમેશાં ઉછળકૂદ કરનાર કરણને એક ખૂણામાં બેસેલો જોઈને પૂછપરછ કરી. રાહુલે કાર તૂટવાથી માંડીને કરણને પડેલા માર વિશે વાત કરી એટલે સુરેશનું □દય ખિન્ન થઈ ગયું.

તે માયા પાસે ગયો અને કહ્યું, "કરણને હું આ ઘરમાં દીકરો બનાવીને લાવ્યો છું અને તારે તેની મા બનવાનું છે, મામી નહીં. મને ખબર છે તે ભણવામાં હોંશિયાર નથી, તો શું ફક્ત મારવાથી હોંશિયાર થઈ જશે? પ્રેમથી સમજાવીશ તો સમજી જશે. કાલે આપણી સાથે અકસ્માત થાય અને કોઈ રાહુલ સાથે આવું કરે તો શું તારા આત્માને શાંતિ મળશે?"

સુરેશના શબ્દોએ માયા ઉપર ધારી અસર કરી અને તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને હોલમાં જઈને કરણને પોતાની નજીક બોલાવીને છાતી સરસો ચાંપી દીધો.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

-----------------------------------------------

## NOG SS No - 0050

વિષય -સ્નેહની સરવાણી
પ્રકાર - પદ્ય મૌલિક
શીર્ષક - મીઠાં સંબંધો.
તા - ૧૪/૫/૨૦૨૨
સ્નેહની સરવાણીમાં મીઠાં સ્પંદનોને ભીની લાગણી ઊભરાઈ ભીતર..!
એકબીજાને એકબીજામાં શોધતા અમે..!
ને સ્વરમાં મળી આવ્યાં પ્રેમે..!
જીવનનો ખેલને, ચોપાટની રમતમાં પડ્યાં પાસ આતો પ્રેમ ભર્યા..!
ને જિંદગીની સુગંધ મહેંકી પેલાં ફુલડાંની જેમ..!
હૈયે હેતની હરિયાળી આવી..!
ચાતક બનીને જીવવું તારી જિંદગીમાં..?
ક્યાંક આવે છે અનરાધાર પ્રેમ મન ફાવે ત્યાં વરસજેને..!
કોઈની શરમ રાખ્યાં વગર કરજે પ્રેમની ઉજાણી હો..! રોપ્યા દિલડામા પ્રેમનાં પુષ્પો..!
એક નવ પલ્લવિત અંકુર ફૂટ્યાં ..!
પછી આપ્યાં કોલ સાથે રહેવા ને મરવાના..!
જીવનની હર પળે પ્રેમનાં નીર વહાવુ..!
પંચરંગી દુનિયાનો સ્વાદ માણું તારી સંગ..!
ચાંદનીમાં હાથજાલી હાથમાં નિભાવ્યો છે સાથ..!
મને તું ઘર સુધી દોરી જા તારાં..!
મારી જિંદગીનાં પાને પાનાં ભરીલે પ્રેમથી..!
શબ્દો બન્યાં શ્વાસ મારા..! આસપાસમાં શબ્દ બન્યાં..! તમન્નાઓને બસ તમારી જરૂર છે ..!
ખુશ્બુ જેમ પવનમાં ભળે છે..! એમ તું મારામાં ભળીજા..! મારો સાથ નિભાવવા..!
સ્મિત આપતાં રહો ..!
એક આદત નિરાળી..!
સુખ વહેંચતા સ્મિત મળતું રહેશે..!
તો સ્નેહની દોરે ખેંચી આવશું..!
પ્રેમને પુરવાર કરી દઈશું..!
ને હું સુગંધિત થઈ પ્રેમમાં..! તમારા હેતની તરસી ભીતરમાં યાદવાસ્થળી મહેંકી ઉઠે..!
હૈયે હરખાઈ અંતર મહીં વસ્યાં તમે..!
જાણે આંતર વૈયક્તિક આકર્ષણ જેવું..!
" રાગ " કહે લાગણીઓની છાલક વાગે દલડે દરરોજ..!
રાગીની શુકલ રાગ,મુંબઈ, કાંદિવલી

-----------------------------------------------

## N.O.G.SS .NO OO26.

વિષય - સ્નેહની સરવાણી.
શીર્ષક - દુનિયા રચાવશું!
(ગઝલ )
સરવાણી સ્નેહની અમે હરદમ વહાવશું.
માનવ છીએ તો વ્હાલનાં મોતી લૂંટાવશું.
આખા જગતમાં નામ અમારું કરી જશું,
ફેલાવતાં એ જ્યોતની મહિમા નિભાવશું.
કોઈ કહે દિલેર ને કોઈ ઉડાવી પણ,
અલગારી ,આગવી નવી દુનિયા રચાવશું.
કોઈ ના દુખીના હોય ને લાચાર ત્યાં પછી,
એક નોખાં ને અલગથી જમાનાને લાવશું.
□દયા ભલેને હોય સખત પત્થરો સમા,
કંડારતા એ સૌને પછી ત્યાં ઝૂકાવશું.
અંજના ગાંધી " મૌનુ", વડોદરા.

-----------------------------------------------

## NOG SS No : 114

વિભાગ : પદ્ય
શબ્દ : સ્નેહની સરવાણી
શીર્ષકઃ ક્યાં ખોવાઈ ગયા છો.
શબ્દ સંખ્યા-૮૦
રચના-
આંખોમાં વાતો ,
વાતોમાં તમે છો.
બે પલનો સથવારો આપી,
કાનજી ક્યાં ખોવાઈ ગયા છો?
આંખોમાં વાતો,
વાતોમાં તમે છો.
યાદોની બારી ખુલે તો,
કાનજી તમારી રાધા હીબકા ભરે છે.
આંખોમાં વાતો
વાતોમાં તમે છો.
સ્નેહની સરવાણી કરી
તમે "કાનજી" રાધાના હદયમાં બિરાજો છો.
કથીરીયા પ્રવિણા "પવી".નવસારી.

# પાક. જાસૂસી સંસ્થા આઈએસઆઈના ઈશારે બબ્બર ખાલસાએ મોહાલીમાં ગ્રેનેડ હુમલો કર્યો

ચંદીગઢ,તા.૧૪

પંજાબ પોલીસ તાજેતરમાં મોહાલીમાં થયેલા ગ્રેનેડ વિસ્ફોટમાં મહત્વની સફળતા મળી હોવાનો દાવો કર્યો છે. આ ઘટનાના સંદર્ભમાં શુક્રવારે છ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરાઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈના ઈશારે કરાયેલા આ હુમલામાં બબ્બર ખાલસાની સંડોવણી છે. ડિરેક્ટર જનરલ ઓફ પોલિસ (ડીજીપી) વી કે ભાવરાએ મીડિયાને જણાવ્યું હતું કે, 'અમને કેસમાં મોટી સફળતા મળી છે. પાકિસ્તાન સ્થિત ખાલિસ્તાની આતંકવાદી હરવિંદર સિંઘ રિંડાનો સહયોગી લખબીર સિંઘ લાંડા હુમલાનો મુખ્ય આરોપી છે. ૨૦૧૭માં કેનેડા ગયેલો લાંડા રિંડાનો સહયોગી છે અને તેણે આ ષડયંત્રને અંજામ આપ્યો છે. બંને બબ્બર ખાલસા માટે કામ કરે છે.' પોલીસ દ્વારા પકડાયેલા શંકાસ્પદોમાં કંવર બાથ, બલજિત કૌર, બલજિત રેમ્બો, અનંદીપ સોનુ, જગદીપ કાંગ અને નિશાન સિંઘ પણ સામેલ છે. નિશાન સિંઘે વિસ્ફોટ માટે વપરાયેલું ગ્રેનેડ પૂરું પાડ્યું હતું. તરન તારનના રહેવાસી રેમ્બોએ એક-૪૭ રાઈફલ લઈને ચદત સિંઘને આપી હતી, જે અત્યારે ભાગેડુ છે. પોલીસે બિહારના મોહમ્મદ અસીમ આલમ અને મોહમ્મદ સરફરાઝ બંનેની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં સૌથી પહેલી ધરપકડ નિશાન સિંઘની થઈ હતી. તેને લાંડા પાસેથી રોકેટ ગ્રેનેડ મળ્યું હતું, જે તેણે ત્રણ વ્યક્તિને આપ્યું હતું. ગ્રેનેડ સોમવારની સાંજે ઈન્ટેલિજન્સ બ્યૂરોના હેડક્વાર્ટર્સ પર ફેંકાયું હતું. વિસ્ફોટના કારણે ઈમારતના ત્રીજા માળની બારીઓના કાચ તૂટી ગયા હતા. પોલિસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'અજાણ્યા લોકોએ થોડે દૂરથી રોકેટ ગ્રેનેડ ફેંક્યું હતું અને તે વાહનમાં ભાગી છૂટ્યા હોવાનું મનાય છે.

### કોંગ્રેસ ચિંતન શિબિરમાં

# ગાંધી પરિવાર કરતાં વધુ મહત્ત્વ સુભાષચંદ્ર બોઝની સાથે ભગત સિંહ અને સરદાર પટેલને પણ અપાયું

ઉદયપુર,તા.૧૪

ઉદયપુરમાં ચાલતી કોંગ્રેસ ચિંતન શિબિરમાં આ વખતે લગાવવામાં આવેલાં પોસ્ટર્સ ખાસ છે. સામાન્ય રીતે કોંગ્રેસની શિબિરો, અધિવેશ અથવા સંમેલનમાં પોસ્ટરોમાં મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નેહરુની સાથે ગાંધી પરિવારને અથવા સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી મહત્ત્વ આપવામાં આવતું હોય છે. આ વખતે રસ્તાની બંને બાજુ લગાવવામાં આવેલાં પોસ્ટરમાં મહાત્મા ગાંધી, પંડિત જવાહર લાલ નેહરુ, મનમોહન સિંહની સાથે સ્વાતંત્ર્ય સેનાનીઓને પણ બરાબરનું મહત્ત્વ આપવામાં આવ્યું છે. પોસ્ટરમાં કોંગ્રેસનું ઈનોવેશન ચર્ચાનો વિષય છે. જોકે ભાજપ એને નેહરુ-ગાંધી પરિવારની છાયામાંથી બહાર નીકળવામાં નિષ્ફળ માની રહ્યો છે.

સામાન્ય રીતે કોંગ્રેસના કાર્યક્રમોમાં પોસ્ટરમાં ગાંધી પરિવાર અને મુખ્યમંત્રી-પ્રદેશ અધ્યક્ષના ચહેરા જોવા મળતા હોય છે. એના માટે કોંગ્રેસ પર ઘણીવાર પરિવારવાદનો આરોપ પણ લાગ્યો છે.

ભાજપે ઘણી વખત આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ પંડિત નેહરુ, ઈન્દિરા ગાંધી, સોનિયા ગાંધીને યાદ કરે છે, પરંતુ પીવી નરસિમ્હા રાવ, સુભાષ ચંદ્ર બોઝ, લાલા લાજપતરાય જેવા નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓનું યોગદાન ભૂલી ગઈ છે. રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે કોંગ્રેસે આ પોસ્ટર દ્વારા પરિવારવાદના આરોપનો મૌન રીતે જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે. ઉદયપુર એરપોર્ટથી લઈને શહેરમાં ઘણી જગ્યાએ નવાં પોસ્ટર્સ લગાવવામાં આવ્યાં છે.

પોસ્ટરમાં કોની સાથે કોણ દેખાયું,૧. મનમોહન સિંહની સાથે પીવી નરસિમ્હા રાવ,૨. મૌલાના અબ્દુલ કલામ આઝાદની સાથે બાબા સાહેબ ભીમરાવ આંબેડકર,૩. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સાથે લાલબહાદુર શાસ્ત્રી,૪. ગોપાલ કૃષ્ણ ગોખલે સાથે ભગત સિંહ,૫. પંડિત જવાહર લાલ નેહરુ સાથે સરદાર વલ્લભભાઈ પટેલ,૬. લાલા લાજપતરાય સાથે મહાત્મા ગાંધી,૭. રવીન્દ્ર નાથ ટાગોર સાથે સુભાષચંદ્ર બોઝ,૮. સરોજિની નાયડુ પણ પોસ્ટરમાં સામેલ પાર્ટીએ આ મોટા અને જૂના નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓને હંમેશાં યાદ રાખ્યા છે. ભાજપ અને ઇજીજી વાળા આઝાદીની લડાઈમાં દૂર-દૂર સુધી દેખાયા ન હતા. હવે વાતો કરે છે અને આરોપો લગાવે છે. - અજય માકન, પ્રભારી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જૂન ખડગે કહ્યું કે ભાજપ રાષ્ટ્રવાદનો દેખાડો કરે છે. અમારા નેતાઓએ આઝાદી માટે કુરબાની આપી. ત્યારે સંઘવાળા અને ભાજપના કયા નેતા સામેલ થયા હતા? અમારા નેતાઓને હંમેશાં યાદ રાખવામાં આવશે.

જ્યારે પ્રદેશ અધ્યક્ષ સતિશ પૂનિયાએ કહ્યું કે આ કોંગ્રેસની નેહરુ-ગાંધી પરિવારવાદમાંથી બહાર આવવાનો નિષ્ફળ પ્રયત્ન છે. કોંગ્રેસે સુભાષચંદ્ર બોઝને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બનતા રોક્યા હતા. નરસિમ્હા રાવ જે સન્માનના હકદાર હતા, તે હક તેમને કદી આપવામાં આવ્યો નહીં. મહાપુરુષોના પોસ્ટર તેમના નેતાઓ સાથે લગાવવા તે માટે એક દેખાડો છે.



ઉદયપુર ગુજરાતી સમાજ ના આગમન પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ખૂબ જ લોકપ્રિય નેતા અને રાજયસભાના સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલ સાહેબનું સ્વાગત પાઘડી પહેરાવીને સ્વાગત કર્યું સાથે ઉદયપુર ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી. મહેતા, સેક્રેટરી દિનેશ ભાઈ પટેલ ટ્રસ્ટ બોર્ડના ઉપાધ્યક્ષ નાનજીભાઈ પટેલ ટ્રસ્ટ બોર્ડના ચેરમેન નયનભાઈ ગાંધી ટ્રસ્ટ બોર્ડના સેક્રેટરી રમેશભાઈ પટેલ, ગુજરાતી સમાજ ના ઉપપ્રમુખ ગીરીશભાઈ પટેલ ઉપપ્રમુખ નિતિનભાઈ પટેલ, કોષાધ્યક્ષ જયેશ ભાઈ જોષી, સહ સચિવ અતુલભાઈ મકવાણા, સહ સચિવ મુકેશભાઈ ધ્રુવ, કારોબારી સભ્યો અને ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા.



અમદાવાદ મિરર અને નવગુજરાત સમય દ્વારા આયોજિત એજ્યુકેશન એક્ષ્પોનું ઉદ્‌ઘાટન કરતા ગુજરાત રાજ્ય શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી

### અમદાવાદ જિલ્લાઠમાં સમાજ કલ્યાણ નિરીક્ષક અને વિસ્તરણ અધિકારી (સહકાર)ની

# પરીક્ષા સંદર્ભે કેટલાક પ્રતિબંધ ફરમાવતું અધિક જિલ્લા મેજીસ્ટ્રેકટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ

અમદાવાદ જિલ્લામાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજીત સમાજ કલ્યાણ નિરીક્ષક (જુ.ગ્રેડ) (વર્ગ-૩) ની પરીક્ષા તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી ૧૨.૩૦ કલાક અને વિસ્તરણ અધિકારી (સહકાર) (વર્ગ-૩)ની પરીક્ષા બપોરે ૧૬.૦૦ કલાકથી ૧૭.૩૦ કલાક સુધી જગ્યાઓની ભરતી માટેની પરીક્ષા સુધીના જિલ્લાના નિયત કરેલાં પરીક્ષા સ્થળો પર યોજાનાર છે.

સદર પરીક્ષાઓની વિશ્વસનિયતા વધે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે, પરીક્ષામાં ગેરરીતીઓથી પરીક્ષાર્થીઓને કોઈ અડચણ ન થાય તથા ગેરરીતીઓ અટકાવી શકાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પરીક્ષા કેન્દ્ર સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવાની આવશ્યક્તાને ધ્યાને લઈ અધિક જિલ્લા મેજીસ્ટ્રેકટશ્રી પરિમલ બી.પંડયાએ તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા ઉક્ત પરીક્ષાઓના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોમાં તેના માલિકો/સંચાલકો જાહેર પરીક્ષાને લગતા કોઈ પણ સાહિત્ય, પ્રશ્નપત્ર, જવાબવહી તથા કાપલીઓની ઝેરોક્ષ નકલ કાઢી શકશે નહીં તથા ઉક્ત પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોએ તેઓના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશામાં ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી કેટલાંક કૃત્યો કરવા પર મનાઈ હુકમ ફરમાવ્યો છે. આ જાહેરનામાની અમલવારી તા.૧૫/૦૫/૨૦૨૨ના રોજ સવારના ૦૮.૦૦ કલાકથી સાંજના ૧૯.૦૦ કલાક સુધી કરવાની રહેશે.

ઉક્ત જાહેરનામામાં દર્શાવ્યા મુજબ પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં તેમજ કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખન કાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાન ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું / કરાવવું નહીં તેમજ લાઉડસ્પીકર વગાડવા નહીં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, મોબાઈલ, કેલક્યુલેટર વગેરે જેવી ઈલેક્ટ્રોનિક આઈટમ તથા પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. જેવા કૃત્યો પ્રતિબંધિત રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રે ટશ્રી પરિમલ બી.પંડયાએ જણાવ્યું છે.

### કાળઝાળ ગરમીમાં કામદારોને બપોરના સમયે

# કામમાંથી રાહત આપવા નગરપાલિકાના કોર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા ની રજૂઆત



પાટણ સહિત સમગ્ર રાજ્યમાં ગરમીનું પ્રમાણ ૪૫ ડીગ્રી ની આસપાસ વધી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ ૪૫ ડીગ્રી ઉપર તાપમાન જઈ શકે છે જે જોતા આગામી એક અઠવાડિયા સુધી અથવા ગરમીનું પ્રમાણ ઓછુ ના થાય ત્યાં સુધી પાટણ નગરપાલિકાના સફાઈ કામદારો તેમજ વોટર વર્કસ શાખા, બાંધકામ શાખા કે અન્ય શાખાના કામદારોને આ ભયંકર કાળઝાળ ગરમીથી બચવા બપોરના ૧ થી સાંજના ૪ કલાક સુધી કામમાંથી રાહત આપવા પાટણ નગરપાલિકાના કોર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા એ પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસર અને સબંધિત શાખાના ચેરમેનોને લેખિત રજૂઆત કરી છે.

# ડાંગ જિલ્લાના સાકરપાતળ, પીમ્પરી, અને ઝરણ ગામે યોજાયા 'સેવા સેતુ કાર્યક્રમ'



આહવાઃ તાઃ ૧૫ઃ

રાજ્ય સરકારના અતિ મહત્વકાંક્ષી કાર્યક્રમ એવા 'સેવા સેતુ' કાર્યક્રમના ચાલી રહેલા આઠમા તબક્કા દરમિયાન, ડાંગ જિલ્લાના સાકરપાતળ, પીમ્પરી, અને ઝરણ ગામે કાર્યક્રમ આયોજિત કરાયા હતા.

પ્રજાજનોની લાગણી, માંગણી, અને અપેક્ષાની પૂર્તિ માટે રાજ્ય સરકાર દ્વારા પારદર્શી પ્રશાસનની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા શ્રેણીબદ્ધ કાર્યક્રમોમા સ્થાનિક જનપ્રતિનિધિઓની વ્યાપક ભાગીદારી સાથે, પ્રજાજનોને ઘરઆંગણે જ વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામા આવી હતી.

વઘઇ તાલુકાના સાકરપાતળ ગામે યોજાયેલા કાર્યક્રમમા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, સહિત ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, સામાજિક અગ્રણી શ્રી કિશોરભાઈ ગાવિત, સ્થાનિક પદાધિકારીઓ, સરપંચો, અને પ્રશાસનિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આહવા તાલુકાના પીમ્પરી ગામે યોજાયેલા 'સેવા સેતુ' મા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી હેતલબેન ચૌધરી, સ્થાનિક સરપંચો, મામલતદાર શ્રી ઉમેશ પટેલ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. જયારે સુબિર તાલુકાના ઝરણ ગામે યોજાયેલા કાર્યક્રમમા પણ સ્થાનિક પદાધિકારીઓ, અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લા બ્યુરો

# ગૌરીમાતા દેવસ્થાન સંસ્થા નો વાર્ષિક પાટોત્સવ ચંદ્રુમાણા ખાતે ઉજવાયો



શ્રી ગૌરી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત વાર્ષિક પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવી જેમાં મગરવાડા વ્યાસ પરિવાર ના શ્રી ચંદુલાલ જયશંકર ભાઈ વ્યાસ મુખ્ય યજમાન પદે રહીને માતાજી ના હોમ - હવન ની વિધિ તેમના હાથે સંપન્ન થઈ હતી.મગરવાડા વ્યાસ પરિવાર ના પરિજનો, સ્નેહીજનો અને ચંદ્રુમાણા ગ્રામજનો, દેવસ્થાન ટ્રસ્ટ સમિતિના તમામ પદાધિકારીઓ અને ટ્રસ્ટી મંડળ સદસ્યો હાજર રહ્યા હતાં.ચંદુભાઈ વ્યાસ નું સન્માન ગૌરી માતા ટ્રસ્ટ ના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.માતાજીના આરતી દર્શન નો લાભ મળવા બદલ સમગ્ર પરિજનોએ ધન્યતા અનુભવી ચંદુભાઈ ને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલોની સેવા કરતાં વાળંદ સમાજનાં ગુજરાત રાજ્ય ઉપપ્રમુખ કેયૂરભાઈ ભટ્ટી અને ટીમ



વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૩૬૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૬૦ વડીલો તો પથારીવશ (ડાઈપરવાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં) માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૧૫ લાખ વૃક્ષોનું વાવેતર કરીને ગુજરાત ને ગ્રીન રાજ્ય બનાવ્યું છે. ઉપરાંત સદભાવના બળદ આશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક,આજીવન આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૪૦૦ જેટલા બળદો ને આશરો અપાય ચૂકર્યો છે.

વાળંદ સમાજનાં ગુજરાત રાજ્ય ઉપપ્રમુખ એવા કેયૂરભાઈ ભટ્ટી વડીલોની સેવા કરવાના હેતુ થી પોતે તેમજ પોતાના ૧૫ 'હેર સ્ટાઈલ' આસિસ્ટન્ટને લઈને સદભાવના વૃદ્ધાશ્રમમ આવ્યા હતા. વડીલોને વાળ કાપવા અને દાઢી કરવી તેમજ અન્ય સેવાઓ પણ કેયૂરભાઈ તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. કેયૂરભાઈ અને તેમના સાથીઓ દ્વારા કરવામાં આવેલું આ સેવાનું કરી ખૂબ જ સરાહનીય અને અન્યો માટે પ્રેરણાદાયી છે. સદભાવના વૃદ્ધાશ્રમ : "પીપળીયા ભવન", સ્વામિનારાયણ ગુરુકુળ સામે, ગોંડલ રોડ ફાટક પાસે, ઓવરબ્રિજની નીચે, ડી માર્ટ વાળી શેરી, રાજકોટ. મો. ૮૫૩૦૧૩૮૦૦૧ , ૮૦૦૦૨૮૮૮૮૮

### છોટાઉદેપુરના જીલ્લામા શિક્ષણ અધીકારીની અનોખી પહેલ

# ધોરણ ૧૨માં પ્રથમ ત્રણ આવેલી દીકરીઓના ઘરે જઈને દીકરીઓને અભિનંદન પાઠવ્યા

છોટાઉદેપુર,તા.૧૪

છોટાઉદેપુર જીલ્લામા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ મા દિકરીઓએ બાજી મારી છે જીલ્લામા એક થી ત્રણ ક્રમાંકમાં વિદ્યાર્થીનીઓ પાસ થતાં જિલ્લા શિક્ષણ અધિકારી પણ અનોખી પહેલ કરી. પ્રથમ ત્રણ ક્રમાંક મેળવતી વિધ્યાર્થિનીઓના ઘરે ઘરે જઈ સુભેચ્છા પાઠવી હતી. છોટાઉદેપુર જિલ્લો મહિલાઓ માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહ્યો છે અહી એક અનોખો સંજોગ જોવા મળી રહ્યો છે છોટાઉદેપુર જિલ્લાની વાત કરીએ તો જિલ્લા કક્ષાએ મહિલાઓ ઉચ્ચ હોદ્દાઓ ઉપર બિરાજમાન છે

જેમાં જિલ્લા કલેક્ટર શ્રુતિ ચારણ , રાજય કક્ષાના મંત્રી નીમીશાબેન સુથાર છોટાઉદેપુર મત વિસ્તાર ના સાંસદ તરીકે ગીતાબેન રાઠવા, જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે મલકાબેન પટેલ , તેમજ કૃષ્ણાબેન પાચાણી જે જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. ત્યારે હવે જીલ્લામાં ત્રણ દીકરીઓએ બાજી મારતા સોનામાં સુગંધ જોવા મળી રહી છે.

રાજયમા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ નુ પરિણામ જાહેર થયુ છે. આદિવાસી પૂર્વ પટ્ટી માં કેટલાક વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે પાછળ રહેતા છોટાઉદેપુર જીલ્લા માં કઈક અંશે સુધારો જોવા મળતા ૪૭.૧૫ ટકા પરીણામ આવ્યું છે. જીલ્લાની ખાસ વાત એ છે કે એક જ શાળા મા અભ્યાસ કરતી ત્રણ વિદ્યાર્થીનીઓએ જીલ્લામા પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમાંક મેળવી અનોખી સિધ્ધી હાંસલ કરી છે. જેમાં આંચલબેન સંતોષ ભાઇ પાંડે એ ૬૫૦ માંથી ૫૫૮ માર્ક ૯૮.૮૮ પીઆર સાથે — ૮૫.૮૪ % લાવી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. જયારે રિધ્ધિ બેન હિતેશકુમાર શાહે ૬૫૦ માંથી ૫૫૬ માર્ક ૯૮.૬૮ પીઆર સાથે – ૮૫.૫૩ % લાવી દ્વિતિય ક્રમાંક મેળવ્યો છે. અને ખત્રી ખદીજાબાનુ મોહંમદ હયાત ૬૫૦ માંથી ૫૩૫ માર્ક ૯૮.૩૫ પીઆર- સાથે ૮૨.૦૩ % લાવી તૃતીય ક્રમાંક મેળવ્યો છે.

છોટાઉદેપુર જીલ્લાની ત્રણ દિકરીઓ એક શાળામા અભ્યાસ કર્યો અને જીલ્લામાં એક થી ત્રણ ક્રમાંક મેળવવાની સિધ્ધી હાંસલ કરી અને હવે ત્રણેય દિકરીઓ ડોકટર બનવા જઈ રહી છે. જીલ્લામા પ્રથમ ત્રણ આવેલી વિદ્યાર્થીનીઓએ ડોક્ટર બનવાની ઈચ્છા વ્યકત કરી ત્યારે એક જીલ્લો એક જ શાળા એક ગામ એક સાથે ત્રણ દીકરીઓ ડોક્ટર બનવાની વાત કરતા પરિવારજનોમા આનંદ ની લાગણી જોવા મળી રહી છે.

ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા જાહેર થયેલા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં છોટાઉદેપુર જિલ્લાનું પરિણામ ૪૭.૧૫ ટકા આવ્યુ છે. જેમાં સમગ્ર જિલ્લામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર બોડેલીની શેઠ એચ.એચ શિરોલાવાલા હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ અનુક્રમે આંચલબેન સંતોષભાઈ પાંડે, રિદ્ધિબેન હિતેશકુમાર શાહ અને ખદીજાબાનું મોહંમદ હયાત ખત્રીએ પ્રાપ્ત કરી બોડેલી શાળા સમગ્ર નગરનું પણ ગૌરવ વધાર્યું છે. છોટાઉદેપુર જીલ્લા ના ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી ક્રિષ્નાબેન પાંચાણીએ એ.ડી.આઈ અશોકભાઈ સાથે શિરોલા હાઈસ્કૂલના આચાર્ય જીગ્નેશ ભાઈ શાહ તેમજ વિજ્ઞાન પ્રમાણે શિક્ષક સુરેશભાઈ પટેલ સાથે આ ત્રણેય દીકરીઓના ઘરે જઈને ફુલનો ગુલદસ્તો તેમજ સ્મૃતિ ભેટ આપી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી જિલ્લામાં એક અનોખી પહેલ કરી.

# ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા કપલ્સ ડે ની ઉજવણી કરવામાં આવી



૧૪ મે ૨૦૨૨ શનિવાર સવારે ૧૦ કલાકે ઓનલાઈન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી આ કાર્યક્રમના મુખ્ય અતિથિ માતૃકા વિવેક સાહિતિક મંચ ના અધ્યક્ષા શ્રીમતી આરતી તિવારી સતન ઉપસ્થિત રહ્યા હતા.

સરસ્વતી વંદના આભા મિશ્રા પ્રતાપ ગઢથી દ્વારા કરાવી હતી બંને મહાનુભાવો નું પરિચય અધ્યક્ષા શ્રી ડોકટર શૈલેષ વાણીયા શૈલ દ્વારા આપવામાં આવ્યો હતો મંચ સહયોગી પ્રીતિ પરમાર પ્રીત દ્વારા મહેમાનશ્રીઓનું પુષ્પવર્ષા કરી સ્વાગત કર્યું. પતિ પત્ની નું જીવનમાં મહત્વ એક સિક્કાની બે બાજુ છે .

સંસાર ગતિશીલ રાખવા માટે બંનેનું સહયોગ વિનાન ગાડું ચાલી શકે નહીં મુખ્ય મહેમાન દ્વારા પ્રવચન. કાર્યક્રમમાં આભારવિધિ મધુબેન રાઠોડ દ્વારા રાષ્ટ્રગાન ઉષાબેન દાવલા દ્વારા મંચ ૨૫૭ થી ભરેલો હતો કુલ ૩૧ કવિ મિત્રોએ આ કપલ્સ કાર્યક્રમની અંદર ભાગ લીધો કાર્યક્રમને અંતે સુંદર ડિજિટલ પ્રમાણપત્ર વિતરણ અધ્યક્ષશ્રી ના કર કમળ હસ્તે કરવામાં આવ્યું ઓનલાઈન કાર્યક્રમ ની અંદર ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર બિહાર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ ઓરિસ્સા, કર્ણાટક, મધ્ય પ્રદેશ મુંબઈ, દિલ્હી ના કવિ કપલ્સ જોડાયા. ભારતમાતા ના જયનાદ સાથે છુટા પડ્યા.

# રાજકોટના જેમ્સ અને જ્વેલરી ક્ષેત્ર માટે કોમન ફેસિલિટી સેન્ટર ગ્રોથ એન્જિન સાબીત થશેઃ મુખ્યમંત્રી

રાજકોટ,તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટમાં જ્વેલરી કલ્સ્ટર ફેડરેશન રાજકોટ દ્વારા રૂા. ૬ કરોડની ગ્રાન્ટથી દિવાનપરા ખાતે બનાવાયેલું સી.એફ.સી ( કોમન ફેસીલીટી સેન્ટર) ખુલ્લુ મૂક્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, કોમન ફેસિલિટી સેન્ટર રાજકોટના જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રનું ગ્રોથ એન્જિન સાબિત થશે. રાજકોટમાં દોઢ લાખથી વધુ લોકો જેમ્સ જવેલરી ક્ષેત્રે કામ કરી રહ્યા છે. પંદર હજાર જેટલા યુનિટો રાજકોટમાં કાર્યરત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ વિભાગ દ્વારા રાજકોટના જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રના કોમન ફેસિલિટી સેન્ટર માટે સહાય કરી છે. રાજકોટના સોની બજારના નાના ધંધાર્થીઓ માટે આધુનિક મશીન ઉપર કામગીરી કરવી સી.એફ.સી સેન્ટરના કારણે શક્ય બનશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ સંદર્ભે વધુમાં જણાવ્યું કે, સરકારની યોજનાનો લાભ જરૂરિયાતમંદ લોકો ના ઘરે- ઘરે પહોંચે તે માટેનું કાર્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર કરી રહી છે.સરકાર દ્વારા વચિતો ગરીબો માટે આવાસ પ્લોટ, માર્ગ, વીજળી, ગેસ કનેકશન પાણી સહિતના પાયાના કામો થઈ રહ્યા છે. કોરોનાને નાથવામાં રસીકરણ ઝુંબેશ અને અનાજ વિતરણ કરી સરકારે પ્રજાહિતલક્ષી કાર્યો કર્યા છે.

જ્વેલરી ક્લસ્ટર ફેડરેશનના પ્રમુખ ચંદ્રેશભાઇ પાટડીયાએ આ તકે સેન્ટર દ્વારા લેટેસ્ટ મશીન દ્વારા જ્વેલરી મેન્યુફેક્ચરિંગ કઈ રીતે તૈયાર થાય છે તેની રૂપરેખા પૂરી પાડી હતી.

જ્વેલરી ક્લસ્ટર ફેડરેશનના રિજિયોનલ ચેરમેન દિનેશભાઈ નાવડિયાએ રાજકોટ ખાતે સેન્ટ્રલ ગવર્મેન્ટની મદદથી તૈયાર થયેલ કોમન ફેસિલિટી સેન્ટરનને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ખુલ્લુ મુકવા બદલ અભિવાદન કરતાં જણાવ્યું હતું કે, રાજકોટમાં પણ ખૂબ મોટા પાયે ગોલ્ડ અને સિલ્વર જ્વેલરીનું પ્રોડક્શન થઈ રહ્યું છે ત્યારે રાજકોટમાં જ્વેલરી પાર્ક ઊભો કરવા મુખ્યમંત્રીને સૂચન કરાયું હતું, જેના થકી રાજકોટ ખાતે મોટા પાયે રોજગારી થવાની શક્યતા દર્શાવી હતી ૨૩૦૦ ચોરસફૂટ કાર્પેટ એરિયામાં ધરાવતું સી.એફ.સીના કારણે નાના ધંધાર્થીઓ અને ઉપયોગી થશે સામાન્યચાર્જ દ્વારા ધંધાર્થી તે વાપરી શકશે. આ મશીનોના કારણે કામમાં ઝડપ વધતા ઉત્પાદકતામાં સુધારો થશે.

આ પ્રસંગે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ રામભાઈ મોકરિયા અને મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ અને લાખાભાઈ સાગઠીયા, મેયર ડો. પ્રદીપભાઈ ડવ, અગ્રણી રાજુભાઈ ધ્રુવ , કમલેશભાઈ મીરાની, અગ્ર સચિવ પંકજભાઈ જોશી, કલેકટર અરૂણ મહેશ બાબુ, જવેલરી કલસ્ટર ફેડરેશનના પ્રમુખ ચંદ્રેશભાઈ પાટડિયા, પ્રવીણ ભાઈ વૈધ, જીજેઇપીસી આસિસ્ટન્ટ ડાયરેકટર રજતભાઈ વાણી, ઝાલાવાડી વિશાશ્રી માળી, સોની સમાજના પ્રમુખ પુનિતાબેન પારેખ, ઉપપ્રમુખ નેમિષભાઈ પાટડિયા, કાર્તિકભાઈ બારભાયા, પ્રશાંતભાઈ પાટડિયા, ધર્મેશભાઈ પાટડિયા, દિનેશભાઈ રાણપરા, હરકિશન ભાઈ આડેશરા, કેતનભાઈ પાટડિયા તથા સોના-ચાંદીના વ્યપાર સાથે જોડાયેલા વેપારીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.